સુવિચાર

જે આનંદ આપણે મેળવીએ છીએ તેનો થાક લાગે છે, પરંતુ જે આનંદ આપણે બીજાને આપીએ છીએ તેનો થાક લાગતો નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક



રેલનગર વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર બેલડીને દબોચી લેતી પોલીસ P-4

Year-16, Issue-280 ■ DATE : 13-03-2026 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# LPG સંકટ વચ્ચે હોટલોને કેરોસીન, કોલસા અને બાયોગેસના ઉપયોગની છૂટ

## એક મહિના સુધી રાહત આપવાનો નિર્દેશ : દેશમાં પેટ્રોલ - ડીઝલ - કેરોસીનની કમી નથી, અંધાધુંધીના કારણે એલપીજીનું બુકીંગ વધ્યું છે : પેટ્રોલિયમ મંત્રાલય







**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે દેશમાં રાંધણ ગેસના પુરવઠા પર માઠી અસર પડી છે. ગેસની અછતને પહોંચી વળવા અને ઘરેલું ગ્રાહકોને મુશ્કેલી ન પડે તે માટે કેન્દ્ર સરકારે હોટલ, રેસ્ટોરન્ટ અને ઉદ્યોગો માટે કોલસો, કેરોસીન અને બાયોગેસ જેવા વૈકલ્પિક ઇંધણોના ઉપયોગને મંજૂરી આપી દીધી છે.


કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં જણાવ્યું હતું કે LPG પરનું દબાણ ઘટાડવા માટે આ પગલાં લેવાયા છે. પર્યાવરણ મંત્રાલયે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સૂચના આપી છે કે, એક મહિના સુધી હોસ્પિટાલિટી અને રેસ્ટોરન્ટ સેક્ટરમાં બાયોમાસ, RDF પેલેટ્સ, કેરોસીન અને કોલસાનો ઉપયોગ કરવા દેવામાં આવે. કોલ ઈન્ડિયા અને સિંગરેણી કોલિયરીઝને નાના અને મધ્યમ ગ્રાહકોને વધુ પ્રમાણમાં કોલસો ફાળવવા આદેશ અપાયો છે. સરકાર દ્વારા રાજ્યોને વધારાનું ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન ફાળવવામાં આવ્યું છે.


કેન્દ્રીય પેટ્રોલિયમ વિભાગના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, ત્રિમાસિક ફાળવણી ઉપરાંત કેન્દ્રએ રાજ્ય સરકારોને વિતરણ માટે વધારાનું ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન આપ્યું છે. કોલસા મંત્રાલયે પણ કોલ ઈન્ડિયાને નાના અને મધ્યમ ગ્રાહકો માટે વધુ માત્રામાં કોલસો ફાળવવા સૂચના આપી છે.

અછતના ડરથી લોકોમાં 'પેનિક બુકિંગ' (વધારે પડતું બુકિંગ) વધતા સરકારે બે સિલિન્ડર વચ્ચેના અંતરમાં ફેરફાર કર્યો છે. બે સિલિન્ડર બુકિંગ વચ્ચેનો લઘુત્તમ ગાળો વધારીને ૪૫ દિવસ કરવામાં આવ્યો છે. શહેરોમાં આ ગાળો ૨૫ દિવસ રહેશે. અગાઉ આ મર્યાદા ૨૧ દિવસની હતી, જે સંઘર્ષ શરૂ થયા બાદ વધારવામાં આવી છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે, ખોટી માહિતી અને અફવાઓને કારણે બુકિંગમાં અનેકગણો વધારો થયો છે. સરકારે ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ ગભરાઈને બિનજરૂરી બુકિંગ ન કરે. વ્યાપારી ઉપયોગ માટે માસિક જરૂરિયાતના ૨૦% ફાળવવાનો નિર્ણય પણ લેવાયો છે જેથી સપ્લાય ચેઈન જળવાઈ રહે.

એલપીજીના બારામાં સુજાતા શર્માએ કહ્યું છે કે ૯ માર્ચે પેટ્રોલીયમ મિનિસ્ટ્રીએ એસ્મા અંતર્ગત ઓર્ડર ઇસ્યુ કરી રિફાઇનરીઓને એલપીજી પ્રોડક્શન વધારવાનું કહ્યું હતું અને ત્યારબાદ ઉત્પાદન ૨૯ ટકા વધી ગયું છે. તેમણે જણાવ્યું છે કે, દેશમાં લગભગ ૨૫ હજાર ડિસ્ટ્રીબ્યુટર છે અને રોજ ૫૦ લાખ સિલિન્ડર ડિલીવરી કરે છે. ડિસ્ટ્રીબ્યુશનથી સાઇડમાં કોઇ ડ્રાય આઉટ નથી, અંધાધૂંધીને લઇને બુકીંગ ખૂબ જ વધ્યા છે.

મધ્ય પૂર્વમાં લડાઈના પગલે દેશ અને દુનિયામાં ઉભી થયેલી ઈંધણની કટોકટીના પગલે ખાવા પીવાની વસ્તુઓ મોંઘી થઈ છે અને મોંઘવારીમાં વધારો થયો છે. આંકડા અને કાર્યક્રમ કાર્યાન્વયન મંત્રાલય તરફથી ગુરૂવારે જાહેર આંકડા મુજબ ફેબ્રુઆરીમાં ખાવા પીવાની ચીજોમાં રિટેલ ઈન્ફલેશન (ફૂગાવો) જાન્યુઆરીના ૨.૧૩ ટકાથી વધીને ૩.૪૭ ટકા થઈ ગયો. કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેકસ (અસીપીઆઈ) આધારિત આંકડા મુજબ શહેરી વિસ્તારોમાં રિટેલ ઈન્ફલેશન ૩.૦૨ ટકા અને ગ્રામીણ ક્ષેત્રોમાં ૩.૩૭ ટકા રહ્યું, જયારે ફૂડ ઈન્ફલેશ્ન શહેરોમાં ૩.૪૮ ટકા અને ગામોમાં ૩.૪૬ ટકા રહ્યું.




# રમઝાનના પવિત્ર મહિનામાં અફઘાન અને પાક. વચ્ચે તણાવ ચરમસીમાએ

**મુખ્ય સમાચાર, કાબુલ**

રમઝાનના પવિત્ર મહિનાના અંતિમ દિવસોમાં અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. અફઘાનિસ્તાનનો દાવો છે કે પાકિસ્તાને ફરી એકવાર અફઘાન સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કર્યું છે, કાબુલ, કંદહાર, પક્તિયા અને પક્તિકા સહિત દેશના અનેક ભાગોમાં મોટા પાયે હવાઈ હુમલા કર્યા છે.

પાકિસ્તાની વાયુસેનાના વિમાનોએ કંદહાર એરપોર્ટ નજીક ખાનગી એરલાઇન કામ એરના ઇંધણ ડેપોને નિશાન બનાવ્યો છે. આ કંપની નાગરિક એરલાઇન્સ તેમજ સંયુક્ત રાષ્ટ્રના વિમાનોને ઇંધણ પૂરું પાડે છે. આ હુમલો એવા સમયે થયો છે જ્યારે ઈરાન-ઇઝરાયલ યુદ્ધ ઘણા દેશોમાં તેલ સંકટનું કારણ બની રહ્યું છે.



અફઘાન અને તાલિબાન અધિકારીઓ દ્વારા જારી કરાયેલા નિવેદન અનુસાર, આ હવાઈ હુમલાઓમાં રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં ઘણા નાગરિક ઘરોનો નાશ થયો હતો. એવો દાવો કરવામાં આવ્યો છે કે હુમલામાં મહિલાઓ અને બાળકો માર્યા ગયા હતા. અન્ય સ્થળોએ, પાકિસ્તાની વિમાનોએ ખાલી રણ અને નિર્જન વિસ્તારોમાં બોમ્બમારો કર્યો હતો. તાલિબાન સરકારે આ લશ્કરી કાર્યવાહીને ક્રૂર આક્રમણ ગણાવી છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે રમઝાનના છેલ્લા દસ દિવસોમાં અને ઈદ જેવા તહેવારોની નજીક આવા હુમલા કરવાથી ખબર પડે છે કે પાકિસ્તાની શાસન કોઈપણ માનવતાવાદી સિદ્ધાંતો કે નૈતિક મૂલ્યોથી બંધાયેલું નથી.

કાબુલ પાકિસ્તાને ફરી એકવાર અફઘાનિસ્તાનમાં હવાઈ હુમલો કર્યો છે. તાલિબાન સરકારના પ્રવક્તા ઝબીહુલ્લાહ મુજાહિદે દાવો કર્યો છે કે પાકિસ્તાને કાબુલ, કંદહાર, પક્તિયા અને પક્તિકા સહિત અનેક વિસ્તારોમાં બોમ્બમારો કર્યો હતો. આ હુમલાઓમાં નાગરિકોના ઘરોને નિશાન બનાવવામાં આવ્યા હતા, જેમાં મહિલાઓ અને બાળકોના મોત થયા હતા. ટોલો ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે ત્રણ લોકો માર્યા ગયા હતા અને ૧૫ ઘાયલ થયા હતા. તાલિબાન સરકારના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની વિમાનોએ અનેક સ્થળોએ વારંવાર હુમલા કર્યા હતા. મુજાહિદે કહ્યું હતું કે કેટલાક હુમલાઓ વસ્તીવાળા વિસ્તારોમાં થયા હતા જ્યાં નાગરિકો રહે છે. આ હુમલાઓમાં ઘણા ઘરો નાશ પામ્યા હતા, જ્યારે કેટલાક કિસ્સાઓમાં ખાલી વિસ્તારોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા.

# ઈરાનની ધમકી બાદ રશિયા પાસેથી ક્રુડ ખરીદવા મંજૂરી આપતું અમેરિકા

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ઈરાન સામેના અમેરિકી-ઈઝરાયેલ ઓપરેશનમાં વિશ્વભરમાં સર્જાયેલી ઈંધણ કટોકટી વચ્ચે જો તમારા ક્રુડતેલ મથકો પર હુમલો કરાશે તો અમો પુરા ગલ્ફના ક્રુડતેલ મથકો તથા રીફાઈનરીનો ખાત્મો બોલાવશું તેવી ઈરાનની ધમકી બાદ હવે તેલબજાર વધુ હચમચી ગયું છે.

તે વચ્ચે અમેરિકાએ હવે એક નિર્ણયમાં રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદવા સાથેના પ્રતિબંધો સસ્પેન્ડ કરીને તમામ દેશો રશિયન ક્રુડતેલ ખરીદી શકશે તેવી છુટ જાહેર કરી છે. ઈરાન સામેના આ આક્રમણ અનિર્ણાયક સ્થિતિ માટે છે. ખાસ કરીને ઈરાનની લાઈફ લાઈન જેવા ક્રુડતેલ મથકોને નિશાન બનાવીને ઈરાનને મોટો ફટકો મારે તેવી શકયતા દર્શાવાતા જ ઈરાન ભડકયુ હતું અને જાહેર કર્યુ કે જો અમારા ક્રુડતેલ મથકો, રીફાઈનરી સહિતના મથકો પર હુમલો થશે તો અમો પુરા ક્ષેત્રના (ગલ્ફના) તેલ ક્ષેત્રોને સળગાવી દેશું. ઈરાને એ પણ જાહેર કર્યુ છે કે યુદ્ધ જો લાંબુ ચાલશે તો ક્રુડતેલ ૨૦૦ ડોલર સુધી પહોંચી શકે છે. હવે આ વિસ્ફોટક સ્થિતિમાં ક્રુડતેલ માર્કેટને નવી આગ લાગે તેવી શકયતાને ધ્યાનમાં રાખી અમેરિકાએ વિશ્વના તમામ દેશોને રશિયન ક્રુડતેલ ખરીદવા કામચલાવ મંજુરી આપીને ક્રુડતેલને વધુ મોંઘુ થતા બચાવવા કોશીશ કરી છે. અમેરિકી નાણા મંત્રાલયે એક એક નોટીસમાં જાહેર કર્યુ કે ૧૨ માર્ચ સવારે ૧૨.૦૧ કલાક કે તેના પહેલા ઓઈલ ટેન્કરમાં ભરાયેલા ક્રુડતેલ સંબંધીમાં મંજુરી છે અને તે ૧૧ એપ્રિલ સુધી અમલી રહેશે. ઈરાન પરનું આક્રમણ શરૂ થયું તે પુર્વે અને તા.૧૨ માર્ચ સુધીમાં રશિયાના ઓઈલ ટેન્કરો જે દરિયામાં છે તે આ યુદ્ધના કારણે અટવાયેલા છે.

# પીરિયડ્સ લીવથી મહિલાઓને જ નુકસાન, કેરિયર પર અસર પડશે : સુપ્રીમ કોર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સુપ્રીમ કોર્ટે શુક્રવારે માસિક ધર્મ(પીરિયડ્સ) દરમિયાન રજા આપવાના રાષ્ટ્રીય કાયદા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે, જો આવી રજાઓને કાયદાકીય રીતે ફરજિયાત બનાવવામાં આવે, તો તેનાથી કાર્યસ્થળ પર મહિલાઓ સાથે ભેદભાવ વધી શકે છે અને તેમના કરિયરમાં અવરોધ ઊભો થઈ શકે છે. કોર્ટે સાવધ કરતા કહ્યું કે, જો કાયદો કડક અને ફરજિયાત બનશે, તો કંપનીઓ મહિલાઓને નોકરીએ રાખતા અચકાશે, જેનાથી પ્રાઈવેટ અને સરકારી સેક્ટરમાં મહિલાઓની એન્ટ્રી પર અસર પડશે.

આ અંગે ચીફ જસ્ટિસે ટિપ્પણી કરતા જણાવ્યું કે, 'આવી અરજીઓ



મહિલાઓને ઓછી આંકવા માટે કરવામાં આવતી હોય તેવું લાગે છે. જો તમે તેને કાયદાકીય રીતે ફરજિયાત કરશો, તો કોઈ પણ તેમને નોકરી આપશે નહીં, ન્યાયતંત્ર કે સરકારી નોકરીમાં પણ અવરોધ આવશે અને તેમની કારકિર્દી જોખમાશે. સંસ્થાઓ એવું કહેવા લાગશે કે પીરિયડ્સ દરમિયાન તમે ઘરે બેસો. કોર્ટનું માનવું છે કે ફરજિયાત રજાને કારણે એક એવી ખોટી છાપ ઊભી થશે કે મહિલાઓ પુરુષો કરતા 'ઓછી' સક્ષમ છે અને કુદરતી પ્રક્રિયા હોવા છતાં તેને એક અશક્તિ તરીકે જોવામાં આવશે.'

જોકે, કોર્ટે સ્પષ્ટ કર્યું કે તે માસિક ધર્મ સાથે જોડાયેલા સ્વાસ્થ્ય અને સ્વચ્છતા પ્રત્યે ગંભીર છે. જાન્યુઆરી ૨૦૨૬માં સુપ્રીમ કોર્ટે માસિક ધર્મની સ્વચ્છતાને કલમ ૨૧ હેઠળ 'જીવવાના અધિકાર અને ગરિમા'નો અભિન્ન ભાગ ગણાવ્યો હતો. કોર્ટે શાળાઓમાં ફ્રી સેનિટરી નેપકિન્સ આપવા, મહિલાઓ માટે અલગ શૌચાલયની વ્યવસ્થા કરવા અને માસિક ધર્મ વિશે જાગૃતિ લાવવા માટે અગાઉ નિર્દેશો આપ્યા છે. કોર્ટના મતે, માસિક સ્વાસ્થ્ય એક મૂળભૂત અધિકાર છે, પરંતુ પીરિયડ્સ લીવ (રજા) અંગેનો નિર્ણય સાવધાનીપૂર્વક લેવો જોઈએ જેથી મહિલાઓનું સશક્તિકરણ થાય, નહીં કે તેમને કાર્યક્ષેત્રથી અલગ કરવામાં આવે.

# મિડલ ઈસ્ટ યુદ્ધ વચ્ચે સોના-ચાંદીમાં ફરી કડાકો

મિડલ ઈસ્ટમાં ઈરાન-અમેરિકા અને ઈઝરાયલ વચ્ચે વધતા તણાવ અને યુદ્ધ જેવી સ્થિતિ હોવા છતાં, ભારતીય વાયદા બજારમાં સોના અને ચાંદીના ભાવમાં આજે મોટો કડાકો જોવા મળ્યો છે. સામાન્ય રીતે યુદ્ધના સમયે સોનું સુરક્ષિત રોકાણ ગણાતું હોવાથી તેના ભાવ વધતા હોય છે, પરંતુ આજના આંકડા કંઈક અલગ જ વાર્તા કહી રહ્યા છે. વર્તમાન સ્થિતિ સોનામાં અંદાજે ૭૩૮ થી વધુનો ઘટાડો જોવા મળ્યો છે. બજારમાં અત્યારે સોનું ૧,૫૯,૬૬૭.૦૦ ની આસપાસ ટ્રેડ થઈ રહ્યું છે. દિવસ દરમિયાન સોનાએ ૧,૬૦,૪૦૧ નો હાઈ બનાવ્યો હતો. વર્તમાન સ્થિતિ ચાંદીમાં અત્યાર સુધીમાં અંદાજે ૪,૮૬૧ જેટલો જંગી ઘટાડો નોંધાયો છે. હાલમાં ચાંદી ૨,૬૩,૯૩૨.૦૦ ના સ્તરે કારોબાર કરી રહી છે, જે ગઈકાલના બંધ ભાવથી ૧.૫૦% જેટલો ઘટાડો દર્શાવે છે. સોના અને ચાંદીના ભાવ છેલ્લા કેટલાક દિવસોથી રેકોર્ડ સ્તરે હતા. યુદ્ધની અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોએ ઉંચા ભાવે પોતાની પોઝિશન ખાલી કરીને નફો વસૂલવાનું શરૂ કર્યું છે, જેના કારણે બજારમાં અચાનક ઘટાડો જોવા મળ્યો છે.

# હોર્મુઝમાંથી પસાર થતા જહાજો અમારી સાથે વાત કરે : ઈરાની નેવી

**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન યુદ્ધનો આજે ૧૪મો દિવસ છે. યુદ્ધના કારણે જહાજો હોર્મુઝ રૂટ પરથી પસાર થઈ શકતા નથી. હવે ઈરાને કહ્યું છે કે આ રૂટ પરથી પસાર થતા જહાજોએ પહેલા તેમની નેવી સાથે વાત કરવી પડશે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બગાઈએ જણાવ્યું હતું કે હોર્મુઝ સ્ટ્રેટ ઈરાન માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. સમુદ્રમાં સુરક્ષા જાળવી રાખવા માટે આ જરૂરી છે. હોર્મુઝ વિશ્વનો ખૂબ જ મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે અને અહીંથી દરરોજ લગભગ ૧૩૦ જહાજો પસાર થાય છે.

તે જ સમયે, ઈરાને દાવો કર્યો છે કે તેમણે અમેરિકાના મોટા એરક્રાફ્ટ



કેરિયર અબ્રાહમ લિંકન પર મિસાઈલ અને ડ્રોન વડે હુમલો કર્યો છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ હુમલામાં જહાજને ભારે નુકસાન થયું છે. તે ફારસની ખાડીમાં તૈનાત હતું.

ઈરાની સેનાના સ્પેશિયલ યુનિટ ઈસ્લામિક રેવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સનું કહેવું છે કે હુમલા બાદ આ એરક્રાફ્ટ કેરિયર હવે પાછળ હટી રહ્યું છે અને અમેરિકા તરફ પાછું ફરી રહ્યું છે. જોકે, અત્યાર સુધી અમેરિકી સરકાર કે સેના તરફથી આ અંગે કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી.

બ્રિટિશ મીડિયા ધ સનની રિપોર્ટ અનુસાર, ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા-ઈઝરાયલના હુમલામાં ઘાયલ થયા બાદ તેમને તેહરાનની સિના યુનિવર્સિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કહેવામાં આવી રહ્યું છે કે તેમની હાલત અત્યંત ગંભીર છે.

રિપોર્ટ અનુસાર, હુમલામાં ઈજા એટલી ઊંડી હતી કે તેમનો એક પગ કાપવો પડ્યો અને લિવરને પણ ગંભીર નુકસાન થયું છે. હોસ્પિટલના એક ભાગને સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવ્યો છે અને ત્યાં ભારે સુરક્ષા તૈનાત છે. મુજતબા ખામેનીને તેમના પિતા અને ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનીના મૃત્યુ બાદ ૯ માર્ચે દેશના નવા સુપ્રીમ લીડર બનાવવામાં આવ્યા હતા. અલી ખામેનેઈનું ૨૮ ફેબ્રુઆરીએ અવસાન થયું હતું.

# ચારધામમાં હવે શ્રધ્ધાળુઓ દર્શન માત્ર દિવસના સમયે કરી શકશે

**મુખ્ય સમાચાર, દહેરાદુન**

ઉત્તરાખંડમાં આ વર્ષે ૧૯ એપ્રિલથી શરૂ થઇ રહેલી ચારધામ યાત્રાને લઈને પ્રશાસન અને મંદિર સમિતિએ શ્રધ્ધાળુઓની સુવિધા અને ભીડ મેનેજમેન્ટને ધ્યાનમાં રાખતા મહત્વના ફેરફાર કરાયા છે.

નવી વ્યવસ્થા અંતર્ગત હવે દિવસના સમયે શ્રધ્ધાળુઓ મંદિરમાં માત્ર દર્શન જ કરી શકશે, વિશેષ પૂજા કે અનુસ્થાન માટે શ્રધ્ધાળુઓએ રાત્રે મંદિર પરિસરમાં રોકાવવું પડશે, આ નિર્ણયનો ઉદેશ મંદિરોમાં વધતી ભીડને નિયંત્રિત કરવા અને દર્શન વ્યવસ્થાને વધુ સુચારુ બનાવવાનો છે.

બદ્રીનાથ-કેદારનાથ મંદિર સમિતિના અધ્યક્ષ હેમંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે, યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં યાત્રાળુઓ દર્શન માટે પહોંચે છે. આ સ્થિતિમાં જો દરેક શ્રધ્ધાળુને પૂજા-અનુષ્ઠાનની મંજુરી આપવામાં આવે તો ગર્ભગૃહમાં ભીડ વધી




જાય છે અને અન્ય શ્રધ્ધાળુઓને લાંબા સમય સુધી રાહ જોવી પડે છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને નવી વ્યવસ્થા લાગુ કરવામાં આવી રહી છે.

નવી વ્યવસ્થા મુજબ દિવસે શ્રધ્ધાળુઓને મંદિરના ગર્ભગૃહમાં ગંગાજળ, ફળ-ફૂલ કે અન્ય પૂજન સામગ્રી ચડાવવાની મંજૂરી નહીં મળે. માત્ર ભગવાનના દર્શન કરી શકશે પછી બહાર નીકળી જશે. આથી મંદિર પરિસરમાં ઓછી ભીડ થશે. લાઇનમાં ઉભેલા લોકોને ઝડપથી દર્શનનો લાભ મળશે.

જ્યારે કેદારનાથ અને બદ્રીનાથ મંદિરમાં હેલિકોપ્ટરથી આવતા શ્રધ્ધાળુઓએ લાઇનમાં ઉભા નહીં રહેવું પડે તેમને સીધા મંદિરમાં પ્રવેશ આપી દર્શન કરાવાશે, કારણ કે તેમની પાસે ઓછો સમય હોય છે અને નિર્ધારિત સમયમાં પાછા ફરવાનું હોય છે.

આ વર્ષે યમુનોત્રી અને ગંગોત્રી ધામના કપાટ ૧૯મી એપ્રિલે ખુલશે. કેદારનાથ ધામના કપાટ ૨૨મી એપ્રિલે અને બદ્રીનાથધામના કપાટ ૨૩ એપ્રિલે ખુલશે. શ્રધ્ધાળુઓને રજિસ્ટ્રેશન કરાવવાની અપીલ પ્રશાસને કરી છે.

# અમેરિકી હવાઈદળનું KC135 રીફ્યુલીંગ વિમાન તોડી પડાયું

**મુખ્ય સમાચાર, તહેરાન**

ઈરાન સામેના અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધના ૧૩માં દિવસે એક તરફ બન્ને તરફથી હવાઈ આક્રમણ ચાલુ જ રહ્યા છે તે સમયે અમેરિકી હવાઈદળનું એક રી-ફયુલીંગ (અન્ય વિમાનમાં ઈંધણ ભરી દેતા ઉડતા ઓઈલ ટેન્કર) કે.બી.૧૩૫ દુર્ઘટનાગ્રસ્ત થયું છે.

ઈરાન સમર્થીત ઈસ્લામીક રેજીસ્ટેંસ ગ્રુપે પશ્ચીમી ઈરાકમાં આ વિમાન તેઓએ ડ્રોન હુમલાથી તોડી પાડયું હોવાનો દાવો કરી અમેરિકાને મોટુ નુકશાન કરાયુ હોવાનું જાહેર થયુ છે.

જો કે ઈરાન પરના ઓપરેશન મેપીક ફયુરીનું સંચાલન કરતા સેન્ટ્રલ કમાન્ડે વિમાન ટેકનીકલ કારણોસર દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાનું જાહેર કરી કોઈ ફ્રેન્ડલી ફાયરીંગ દુશ્મન તરફથી તે તોડી પડાયું હોવાનો ઈન્કાર કરી રાહત ઓપરેશન શરૂ કરાયાનું




જાહેર કર્યુ છે.

વિમાનમાં અમેરિકી હવાઈદળના પાંચ જવાનો સવાર હતા. તેઓના બચી જવા અંગે હજું કોઈ અહેવાલ નથી. કુવૈતમાં ત્રણ અમેરિકી ફાઈટર જેટ ફ્રેન્ડલી ફાયરીંગનો શિકાર બન્યા હોવાના અહેવાલ બાદ અમેરિકી હવાઈ દળનો આ સૌથી મોટો ફટકો છે.

અમેરિકી સેનામાં કે.સી.૧૩૫ સ્ટ્રેટોરેકર તરીકે ઓળખાતા રીફયુલીંગ ટ્રાન્સપોર્ટ વિમાન ફ્રેન્ડલી એરસ્પેસ એટલે કે ઈરાનની હવાઈ સીમામાં દુર્ઘટનાગ્રસ્ત થયું હોવાનો અમેરિકી દળોના પ્રવકતાએ દાવો કર્યો છે અને જણાવ્યું કે, એક સાથે બે વિમાન રવાના થયા હતા.

એક વિમાન સુરક્ષિત ઉતરી ગયુ છે. જયારે બીજું દુર્ઘટનાગ્રસ્ત થયુ છે. ઈરાકમાં અમેરિકાની સામે અગાઉ લડી ચુકેલા અને ઈરાન સમર્થીત ધ ઈસ્લામીક રેજિસ્ટેંસ ફોર્મ એ જો કે અમેરિકી વિમાન તોડી પાડવાનો દાવો કર્યો છે.

એક નિવેદનમાં તેણે દેશની હવાઈ સિમાની સુરક્ષા તથા સાર્વભૌમત્વ જાળવી રાખવા આ હુમલો કર્યાનો દાવો કર્યો છે. તા.૨૮થી શરૂ થયેલા આ ઓપરેશનમાં અગાઉ અમેરિકાના એફ.૧૫૯ ફાઈટર વિમાન પણ તોડી પડયા હોવાનો ઈરાને દાવો કર્યો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# દેશમાં વધતી મોંઘવારી અંગે કેન્દ્ર સરકાર પાસે રાહતની માંગ : ગીતાબેન પટેલ




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી મુદ્દે કેન્દ્ર સરકાર પર તીવ્ર પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના પ્રમુખ ગીતાબેન પટેલે જણાવ્યું હતું કે, આજે સામાન્ય જનતાની સૌથી મોટી સમસ્યા મોંઘવારી છે, પરંતુ સરકાર આ મુદ્દે ગંભીર પગલાં લેવા નિષ્ફળ રહી છે. દેશના પ્રધાનમંત્રી સતત મજબુર હોય તે રીતે કાર્યરત હોય તેમ જણાય છે. પી.એમ. કોમ્પ્રોમાઈસ તે દેખાઈ રહ્યું છે દેશનો સામાન્ય નાગરિક, ખેડૂત, મજૂર, મધ્યવર્ગ અને ગૃહિણીઓ મોંઘવારીની મારથી સૌથી વધુ પ્રભાવિત છે. રસોડાનું બજેટ સતત બગડી રહ્યું છે અને આવશ્યક વસ્તુઓના ભાવમાં ભારે વધારો થતાં કરોડો પરિવારોની આર્થિક સ્થિતિ નબળી પડી રહી છે.

પેટ્રોલ-ડીઝલના ભાવમાં સતત વધારો, રસોઈ ગેસ સિલિન્ડરના વધતા ભાવ, ખાદ્ય તેલ, દાળ, શાકભાજી અને રોજિંદા જીવનમાં જરૂરી અન્ય વસ્તુઓની મોંઘવારીના કારણે સામાન્ય પરિવ-ારોની કમર તૂટી ગઈ છે. સરકારની આર્થિક નીતિઓ મોંઘવારીને નિયંત્રિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહી છો પેટ્રોલ અને ડીઝલ પર અતિરિક્ત કર વસૂલાત અને આવશ્યક વસ્તુઓના ભાવ નિયંત્રિત કરવામાં સરકારની નિષ્ક્રિયતાના કારણે જનતા પર સતત આર્થિક બોજો વધી રહ્યો છે. જ્યારે દેશની જનતા મોંઘવારીથી પરેશાન છે ત્યારે સરકાર વિવિધ મુદ્દાથી લોકોનું ધ્યાન ભટકાવવાનો પ્રયાસ કરી રહી છે.

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી ગીતાબેન પટેલે આજરોજ દેશની જનતા માટે કેન્દ્ર સરકાર સમક્ષ મુખ્ય માંગણીઓ કરતા જણાવ્યું હતું કે,

(૧). પેટ્રોલ અને ડીઝલ પર લગાવવામાં આવેલા અતિરિક્ત કરોમાં તાત્કાલિક ઘટાડો કરવામાં આવે.

(૨). રસોઈ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરીને સામાન્ય પરિવારોને રાહત આપવામાં આવે.

(૩). ખાદ્યપદાર્થો અને આવશ્યક વસ્તુઓના ભાવ નિયંત્રિત કરવા માટે મજબૂત અને અસરકારક નીતિ અમલમાં મૂકી શકાય.

(૪). મોંઘવારીથી પ્રભાવિત ગરીબ અને મધ્યવર્ગના પરિવારો માટે વિશેષ રાહત પેકેજ જાહેર કરવામાં આવે.

મોંઘવારી આજે દેશનો સૌથી મોટો જનમુદ્દો બની ગઈ છે અને મહિલા કોંગ્રેસ આ મુદ્દાને સંસદથી લઈને સડક સુધી મજબૂતીથી ઉઠાવતી રહેશે. આજની પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ ઝીલ શાહ, પ્રદેશ મહિલા કોંગ્રેસ સમિતિના મહામંત્રી હેતલબેન પંચાલ, અઝરાબેન કાદરી ખાસ ઉપસ્થિત રહ્યા હતા

# જામનગર જિલ્લામાં રાંધણગેસનો પૂરતો જથ્થો ઉપલબ્ધ અફવાઓથી દૂર રહેવા અને બિનજરૂરી સંગ્રહ ન કરવા જિલ્લા કલેકટરની નાગરિકોને અપીલ

### કાળાબજારી કે વધુ ભાવ વસૂલનારાઓ સામે તંત્ર દ્વારા કાયદાકીય કાર્યવાહી હાથ ધરાશે



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર દ્વારા ઓઈલ માર્કેટિંગ કંપનીઓ અને ગુજરાત ગેસ લિમિટેડ સાથે સતત સંકલન સાધીને એલ.પી.જી. અને પી.એન.જી. રાંધણગેસના જથ્થાનું દૈનિક મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. હાલ જામનગર જિલ્લામાં ઘરેલું જરૂરિયાત માટે રાંધણગેસનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે અને પુરવઠો દરેક સ્થળે સરળતાથી મળી રહે તે માટે તંત્ર દ્વારા પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારના સૂચન મુજબ, જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એક જ ગ્રાહક દ્વારા બે એલ.પી.જી. સિલિન્ડરના બુકિંગ વચ્ચે ૨૫ દિવસનો સમયગાળો રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય પુરવઠાનું સંતુલન જાળવવાનો હોય, જિલ્લાના રહેવાસીઓને ખોટા સમાચારો કે અફવાઓથી ભ્રમિત થઈને રાંધણગેસનો બિનજરૂરી સંગ્રહ ન કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.વધુમાં, જિલ્લા પુરવઠા અધિકારી જામનગર દ્વારા જણાવાયું છે કે એલ.પી.જી.નો અનાધિકૃત સંગ્રહ, કાળાબજારી, નિયત ઉપયોગ સિવાયનો અન્ય ઉપયોગ અથવા નક્કી કરેલી કિંમત કરતા વધુ ભાવ વસૂલવો એ આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ-૧૯૫૫ અને એલ.પી.જી. કંટ્રોલ ઓર્ડર-૨૦૦૦ મુજબ ગંભીર ગુનો બને છે, જેની દરેકે નોંધ લેવી.

# જામનગરમાં ચાર સ્થળે દારૂ અંગેના દરોડામાં સવા લાખનો મુદ્દામાલ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં જુદી જુદી ચાર જગ્યાએ પોલીસે દારૂ અંગેના દરોડા પાડી ૪ શખ્સને રૂ. સવા લાખ ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી લીધા હતા, જ્યારે બે શખ્સ ફરાર થતા પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે. જામનગરમાં એમ્યુઝમેન્ટ પાર્ક પાસે ક્રિષ્નાનગર શેરી નં.૩ ખાતે રહેતા યુવરાજસિંહ અનુપસિંહ ભટી નામના શખ્સના કબ્જા ભોગવટાના રહેણાંક મકાનમાં સિટી સી ડિવિઝન પોલીસ સ્ટાફ દ્વારા બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો.દરમિયાન ત્યાંથી ઇંગ્લિશ દારૂની અલગ - અલગ બ્રાન્ડની ૬ બાટલી તથા ૩૦ નંગ ચપલા મળી આવતા કુલમળી રૂ.૧૦૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે આરોપી હાજર નહીં મળી આવતા તેની સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો દાખલ કરી ઝડપી લેવા દોડધામ શરૂ કરી છે.વિસ્તારમાં અન્ય એક દરોડામાં પોલીસે જીજ-૧૦-ડીકે-૯૬૨૯ નંબરનું એક્સેસ વાહન ચલાવી નીકળેલા સચિન દિલીપભાઈ રાઠોડ નામના શખ્સને અટકાવી તલાસી લેતા અને ઇંગ્લિશ દારૂની ૧ બાટલી મળી આવતા ઇંગ્લિશ દારૂ અને વાહન સહિત રૂ. ૨૫૭૦૦ નો મુદ્દામાલ કબ્જે લઈ તેની ધરપકડ કરી હતી.ઉપરાંત જામનગરમાં વુલન મિલ ફાટક પાસે આવેલ બાવરીવાસ ખાતે રહેતા દીપુ કમલભાઈ વઢીયાર નામના શખ્સના કબ્જા ભોગવટાના રહેણાંક ઝૂંપડામાંથી ઇંગ્લિશ દારૂની ૧ બાટલી મળી આવતા રૂ. ૭૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો જ્યારે આરોપી હાજર નહીં મળી આવતા તેની સામે દારૂબંધી ધારા હેઠળ ગુન્હો નોંધી શોધખોળ હાથ ધરી છે.તેમજ જામનગરના છેવાડે આવેલ હાપા માર્કેટિંગ યાર્ડના રસ્તે ન્યારા પેટ્રોલ પંપ સામેથી પસાર થતી જી. જે. ૦૫ જે. સી. ૨૦૩૦ નંબરની ઓડી કારની સીટી એ ડિવિઝન પોલીસે તલાસી લેતા તેમાંથી ઇંગ્લિશ દારૂના ૪ નંગ ચપલા મળી આવતા અજય જીવરાજભાઈ પરમાર, અક્ષય મગનભાઈ ગૌસ્વામી અને મયુર કરશનભાઈ ગોહિલ નામના ત્રણ શખ્સને ઝડપી લઇ ઇંગ્લિશ દારૂ અને કાર સહિત રૂ. ૧ લાખ ૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# જામનગરના મોમાઇનગરમાંથી જુગાર રમતી આઠ મહિલા ઝડપાઇ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના મોમાઈનગર વિસ્તારમાં જુગારની બાતમીના આધારે પોલીસે રેડ પાડી હતી. આ દરમિયાન ગંજીપાના વડે જુગાર રમી રહેલી ૮ મહિલાઓ પકડાઈ હતી.

જામનગરના સીટી એ. ડિવિઝનના પોલીસ સ્ટાફને મળેલી બાતમી ના આધારે મોમાઈ નગર શેરી નંબર પાંચમાં દરોડો પાડયો હતો. જ્યાંથી ગંજીપાના વડે જુગાર રમી રહેલી નીલમબા નરેન્દ્ર સિંહ જાડેજા, ભારતીબા ભરતસિંહ ચુડાસમા, મીનાબા રામદેવસિંહ જાડેજા, પ્રવિણાબેન હસમુખભાઈ કણસાગરા, રાધાબેન રમેશભાઈ નકુમ, ભાવનાબા વિજયસિંહ જાડેજા, રેખાબા દિલીપસિંહ ઝાલા, વિલાસબા હેમંતસિંહ રાઠોડ વગેરે સહિત ૮ મહિલાઓની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૧૦,૨૦૦ ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

# જામનગર જિલ્લાના ૧૫૪ જેટલા રેડ ઝોન અને યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ.સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે. આથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ ઈ.ચા. એસ.એમ.કાથડ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૧૦-૦૪-૨૦૨૬ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# જામનગરમાં બ્રાસપાર્ટની ભઠ્ઠીમાંથી ૭૮૦૦ કિલો વજનનો પીત્તળનો છોલ ચોરાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના હિરજી મિસ્ત્રી રોડ પર પીત્તળના છોલની ભઠ્ઠી ચલાવતા એક આસામીના ભઠ્ઠીના સ્થળ પરથી ત્રણ મહિનામાં રૂ.૧૧ લાખ ૭૦ હજારની કિંમતનો ૭૮૦૦ કિલો છોલ ચોરાઈ ગયો છે. તેઓએ પોતાનો સ્ટોક ચકાસતા ચોરીની જાણ થઈ છે. પોલીસમાં તેની ફરિયાદ કરવામાં આવી છે.

જામનગરના ઓશવાળ-૩ પાસે સત્યમ્ કોલોની સામે વસવાટ કરતા અને હિરજી મિસ્ત્રી રોડ પર પ્રણામી સ્કૂલની વાડી સામે શ્યામ મેટલ નામનું બ્રાસપાર્ટનું કારખાનું-ભઠ્ઠી ચલાવતા વિજયભાઈ કાનજીભાઈ ભારવડીયાના કારખાનામાં જ્યારે તેઓએ ભઠ્ઠીનું ચેકીંગ કરતા તેઓને ભઠ્ઠીનો દરવાજો તથા શટરના તાળા તૂટેલા જોવા મળ્યા હતા.

ચોંકી ગયેલા વિજયભાઈએ અંદર ચકાસણી કરતા ભઠ્ઠીમાંથી અંદાજે ૭૮૦૦ કિલો છોલ જોવા મળ્યો ન હતો. તેઓએ ભઠ્ઠીમાં ઉપરોક્ત છોલ મંગાવીને રાખ્યા પછી પણ છોલ જોવા ન મળતા તેઓએ છેલ્લા ત્રણેક મહિનામાં કુલ રૂ.૧૧ લાખ ૭૦ હજારની કિંમતનો છોલ ચોરાઈ ગયાની સિટી સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# મોરબી એલસીબી અને વાંકાનેર પોલીસની સંયુક્ત કાર્યવાહી, ૧.૯૩ કરોડના વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે એકની અટક







### વાંકાનેર બાઉન્ડ્રી નજીક ખાદ્યપદાર્થની ખોટી બિલ્ટીની આડમાં ટ્રકમાં વિદેશી દારૂની હેરાફેરી, ટ્રક ચાલકની અટક, ત્રણ શખ્સ વોન્ટેડ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી પાસે સુગર એન્ડ સ્પાઈસ હોટલ સામે હાઈવે પર મોરબી લોકલ ક્રાઈમ બ્રાંચ અને વાંકાનેર પોલીસે દરોડો પાડી ટ્રકમાં ફુડ શોર્સની ખોટી બિલ્ટીની આડમાં લાવવામાં આવેલ ઇંગ્લીશ દારૂ અને બિયરની મોટી ખેપ ઝડપી પાડી છે. પોલીસે ટ્રક સહિત કુલ રૂ.૨.૧૮ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કરી રાજસ્થાની ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી છે જ્યારે અન્ય ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરાયા છે.

મોરબી લોકલ ક્રાઈમ બ્રાંચ ટીમને બાતમી મળી હતી કે વિદેશી દારૂ અને બિયરનો જંગી જથ્થો એક ટ્રકમાં લઇ જવામાં આવી રહ્યો છે. જેના આધારે એલસીબી ટીમે વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં આવતા ચોટીલા-રાજકોટ હાઈવે પર સુગર એન્ડ સ્પાઈસ હોટલ નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ અશોક લેલન્ડ બંધ બોડી ટ્રક નંબર આરજે-૧૪-જીપી-૪૫૦૬ને અટકાવી તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ટ્રકમાંથી ફુડ શોર્સ જેવી ચીજવસ્તુઓની ખોટી બિલ્ટી, ઇ-વેબીલ અને ઇન્વોઇસ બીલના આધાર પર ઇંગ્લીશ દારૂ અને બિયરનો જંગી જથ્થો ભરેલ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ટ્રકમાંથી અલગ અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની કુલ ૨૮,૫૮૪ બોટલો તેમજ કિંગફિશર બિયરના ૩,૧૬૮ ટીન મળી કુલ ૩૧,૭૫૨ નંગનો જથ્થો કિ.રૂ.૧,૯૩,૪૭,૩૬૦/- ઝડપી પાડ્યો હતો. આ ઉપરાંત ટ્રક રૂ.૨૫ લાખ, એક મોબાઇલ ફોન, રોકડ સહિત કુલ રૂ.૨,૧૮,૫૫,૫૬૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે ટ્રક ચાલક આરોપી લલિતકુમાર પ્રતાપજી રત્નાજી ખરાડી ઉવ.૨૮ રહે. જાયરાગામ તા.ખેરવાડા જી.ઉદયપુર રાજસ્થાન વાળાને સ્થળ પરથી ઝડપી લીધો હતો. જ્યારે દારૂ મોકલનાર, ટ્રક માલિક અને જથ્થો મંગાવનાર સહિત ત્રણ શખ્સોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ દ્વારા ટ્રકમાં ફુડ શોર્સ જેવી ચીજવસ્તુઓ ભરેલી હોવાની ખોટી બિલ્ટી અને ઇ-વેબીલ બનાવી તેને સાચા તરીકે ઉપયોગમાં લઇ પંજાબ રાજ્યમાંથી દારૂ અને બિયરનો જથ્થો ભરી હરિયાણા, રાજસ્થાન અને ગુજરાતની સરહદો પરથી પસાર કરી રાજ્ય સેવકોને ગેરમાર્ગે દોરી ગુજરાતમાં હેરાફેરી કરવામાં આવતી હતી. આ સાથે પોલીસે પકડાયેલ તથા વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર આરોપીઓને પકડી લેવા વિવિધ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગર શહેરમાં સોની વેપારીના રૂા. ૬.૫૦ લાખ ભરેલુ પાકીટ પોલીસે કલાકોમાં જ શોધી આપ્યું





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર પોલીસ તંત્ર દ્વારા તેરા તુજકો અર્પણ અંતર્ગત લોકોની ખોવાયેલા કિંમતી સામાન કે, રૂપિયા શોધી આપે છે. કેસ કે અન્ય કોઈ કાર્યવાહી ન કરીને મૂળ માલિકને પરત કરવામાં આવે છે. ત્યારે શહેરમાં સોની વેપારીના રૂ.૬.૫૦ લાખના દાગીના રીક્ષામાં ભુલી જતાં શોધી આપીને પરત કરાયા હતા.શહેરના પાર્ક કોલોનીમાં રહેતા પ્રશાંત ભુપેન્દ્રભાઈ માંડલીયા નામના સોની વેપારીની શહેરના માંડવી ટાવર પાસે બાલકૃષ્ણ જવેલર્સ નામે દુકાન છે. તે ગત તા.૧૧ના રોજ સવારમાં સોનાના દાગીનાવાળુ પાકીટ લઈને દુકાને જવા માટે રીક્ષામાં નિકળ્યા હતા. તેઓ દુકાને પહોંચતા ફોનમાં વાતો કરતા-કરતા ભાડુ ચુકવીને દુકાનમાં ચાલ્યા ગયા હતા. બાદમાં પોતે સોનાના દાગીનાવાળુ પાકીટ રીક્ષામાં ભુલી ગયાની જાણ થતાં જ વેપારીએ સીટી એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

પીઆઈ નિકુંજસિંહ ચાવડા સહિતના પોલીસ સ્ટાફે તેરા તુજકો અર્પણ અંતર્ગત કામગીરી હાથ ધરી હતી. કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમના પીએસઆઈ બી.બી.સિંગલ સહિતની મદદ મેળવીને માંડવી ટાવર, ચાંદી બજાર, અંબર ચોકડી, ડીકેવી સર્કલ, બેડેશ્વર ચોકડી તથા ધુવાવ ગામ વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. રીક્ષા ચાલકની ઓળખ કરીને તેના પાસેથી રૂ.૬.૫૦ લાખની કિંમતના સોનાની માળા, વીંટી અને એક જોડી કાનની બુટી સાથેનું પર્સ પરત વેપારીને અપાયું હતું.

# મોરબીના બોરીચાવાસમાં બે અસામાજિક તત્વોના ગેરકાયદેસર મકાનો તોડી પડાયા



### પ્રોહિબિશન સહિત અનેક ગુનાઓમાં સંડોવાયેલા શખ્સોએ સરકારી જમીન પર કરેલા દબાણ હટાવાય : ૬૨ લાખની જમીન ખુલ્લી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના બોરીચાવાસ વિસ્તારમાં અનેક ગુનાઓમાં સંડોવાયેલા બે શખ્સો દ્વારા સરકારી જમીન પર કરાયેલા ગેરકાયદેસર દબાણ સામે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરાઈ હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ડીમોલિશન કરીને આશરે ૬૪૨ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાવવ-ામાં આવી હતી.

મોરબીના બોરીચાવાસ વિસ્તારમાં અસામાજિક પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા બે શખ્સોના ગેરકાયદેસર મકાનો સામે આજે વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સંયુક્ત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. માહિતી મુજબ બી.કે. બોરીચા અને જીગર નામના શખ્સો સામે પ્રોહિબિશન, મારામારી તેમજ વ્યાજખોરી સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા છે. આ શખ્સોએ સરકારી જમીન પર ગેરકાયદેસર રીતે મકાનો બાંધી આશરે ૬૪૨ ચોરસ મીટર જેટલું દબાણ કર્યું હતું, જે જમીનની અંદાજિત કિંમત લગભગ રૂ.૬૨ લાખ થાય છે. ત્યારે પ્રાંત અધિકારી, મામલતદાર કચેરી, પીજીવીસીએલ, મહાનગરપાલિકા અને સિટી સર્વે વિભાગની ટીમ સાથે મળીને મોરબી એ ડિવિઝન પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડીમોલિશનની કાર્યવાહી કરી સરકારી જમીન મુક્ત કરાવવામાં આવી હતી.

# મોરબીમાં ફાયર સેફ્ટી નિયમ ભંગ બદલ વધુ એક કોમ્પ્લેક્ષ સીલ

### કન્યા છાત્રાલય રોડ પર પાર્થ પ્લાઝાના પ્રથમ અને બીજા માળની સિલિંગ કાર્યવાહી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાના ફાયર વિભાગે ફાયર સેફ્ટી નિયમોના ભંગ બદલ કન્યા છાત્રાલય રોડ ઉપર આવેલ પાર્થ પ્લાઝા કોમ્પ્લેક્ષના પ્રથમ અને બીજા માળને સીલ કરી દીધા છે. અગાઉ ત્રણ વખત નોટિસ આપવામાં છતાં જરૂરી ફાયર સેફ્ટી સિસ્ટમ ન લગાવવામાં આવતા આ કાર્યવાહી કરવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા શહેરમાં ફાયર સેફ્ટી નિયમોના પાલન અંગે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે કન્યા છાત્રાલય રોડ પર આવેલ પાર્થ પ્લાઝા કોમ્પ્લેક્ષમાં ફાયર સેફ્ટી સિસ્ટમ ન હોવાના કારણે તેના પ્રથમ અને બીજા માળને સીલ કરવામાં આવ્યા છે. ચીફ ફાયર ઓફિસર જયેશ ડાકીએ જણાવ્યું હતું કે, આ કોમ્પ્લેક્ષ માટે અગાઉ ત્રણ વખત નોટિસ પાઠવવામાં આવી હતી તેમજ મૌખિક રીતે પણ સૂચના આપવામાં આવી હતી. તેમ છતાં માલિક દ્વારા ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવામાં આવી ન હોવાથી અંતે સીલિંગની કાર્યવાહી કરવી પડી હતી. ફાયર વિભાગે વધુમાં જણાવ્યું હતું કે નિયમો મુજબ ત્રણ શોપિંગ સેન્ટર સામે કાર્યવાહી થવાની હતી, પરંતુ તેમાંના બે સ્થળોએ વર્ક ઓર્ડર મળતા હાલ પાર્થ પ્લાઝાના બે માળ સીલ કરવામાં આવ્યા છે. છેલ્લા બે થી ત્રણ મહિનામાં ફાયર વિભાગ દ્વારા આ બીજી સીલિંગની કાર્યવાહી છે. અગાઉ જેલ રોડ પર આવેલ ગુરુકૃપા કોમ્પ્લેક્સને પણ સમાન કારણોસર સીલ કરવામાં આવ્યું હતું. શહેરની અન્ય ઇમારતોમાં પણ ફાયર સેફ્ટી ચકાસણી ચાલુ રાખવામાં આવશે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક પગલાં લેવામાં આવશે.

# મોરબીના ગાળા ગામે બંધ કોટન મિલમાંથી ૨.૦૫ લાખના માલમત્તાની ચોરી

### ઓફિસનું તાળું તોડી ૮૦ ફૂટ કોપર વાયર સહિત સીસીટીવી સાધનોની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ગાળા ગામે આવેલ બંધ બજરંગ કોટન ઇન્ડસ્ટ્રી કારખાનામાં અજાણ્યા ચોરોએ પ્રવેશ કરી કોપર પ્લેટ ૮ નંગ, ૮૦ ફૂટ કોપર વાયર, સીસીટીવી સાધનો સહિત કુલ અંદાજે રૂ.૨.૦૫ લાખની માલમત્તાની ચોરી કરી લઈ ગયા અંગે કારખાનાના માલીક દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

મોરબી-માળીયા નેશનલ હાઇવે પર ગાળા ગામે મધુસુદન પેપરમિલ પાછળ આવેલ બજરંગ કોટન ઇન્ડસ્ટ્રી નામનું કારખાનું છેલ્લા પાંચ મહિનાથી બંધ છે. આ સ્થળે રાત્રિના સમયે અજાણ્યા શખ્સોએ ઓફિસનું તાળું તોડી અંદર પ્રવેશ કરી ચોરીને અંજામ આપ્યો હતો. ચીરીના બનાવ મામલે ફરિયાદી જયંતીભાઈ રૂપાભાઈ કાચરોલા ઉવ.૬૫ રહે. રવાપર-ઘુનડા રોડ લક્ષ્મીનારાયણ એપાર્ટમેન્ટ બ્લોક નં. ૭૦૧ મૂળ ગામ ગાળાએ તાલુકા પોલીસ મથકમાં આરોપી અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, જણાવ્યું હતું કે ગત તા.૦૪/૦૩ના રોજ તેમના દીકરા દિવ્યેશે કારખાનાના સીસીટીવી કેમેરા ચેક કરતા અંદર અજાણ્યા વ્યક્તિની હલચલ જોવા મળી હતી. ત્યારબાદ કારખાનામાં જઈ તપાસ કરતા ઓફિસનું તાળું તૂટેલું જોવા મળ્યું હતું. તપાસમાં દાઉવા કંપનીનું સીસીટીવી એનવીઆર, સોની ટીવી, બે સીસીટીવી કેમેરા, ૮ નંગ કોપર પ્લેટ તેમજ લગભગ ૮૦ ફૂટ કોપર કેબલ સહિત કુલ અંદાજે રૂ.૨,૦૫,૦૦૦/-ના માલમત્તાની ચોરી થયાનું સામે આવ્યું હતું. ચીરી અંગે બાજુમાં આવેલ મોરગન માઇક્રોન કારખાનાના સીસીટીવી કેમેરામાં અજાણ્યો શખ્સ મોટરસાયકલ પર સામાન લઈ જતો દેખાયો હતો. હાલ સમગ્ર ચોરીના બનાવની ફરિયાદને આધારે તાલુકા પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમ સામે ગુનો નોંધી વધુ તપાસની તજવીજ શરૂ કરી છે.

# મોરબીની ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં યુવકે ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વેજીટેબલ રોડ પર આવેલ ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા ૩૫ વર્ષીય યુવકે પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાની ઘટના અંગે મોરબી સીટી બી ડિવિઝન પોલીસે નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના સમાં કાંઠા વિસ્તારમાં વેજીટેબલ રોડ પર આવેલ ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા પ્રૂથ્વિરાજસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ ઉવ.૩૫એ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હોવાનું સામે આવ્યું છે.

ઘટનાની જાણ થતા તેમને મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના ડોકટરે જોઈ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતા. બનાવ અંગે સીટી બી ડિવિઝન પોલીસે અ.મોત દાખલ કરી છે.

દેવડા ગામે NSS કેમ્પમાં પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટનો વિશેષ કાર્યક્રમ

# વિદ્યાર્થિનીઓને સરકાર અને જનતા વચ્ચેના સેતુ સમાન માહિતી ખાતાની કામગીરી અંગે સમજ અપાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની જે. એચ. ભાલોડિયા વિમેન્સ કોલેજ દ્વારા લોધિકા તાલુકાના દેવડા ગામે આયોજિત નેશનલ સર્વિસ સ્કીમની વિશેષ શિબિર અંતર્ગત સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને માહિતી ખાતાની ભૂમિકા અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના સહાયક માહિતી નિયામક પ્રિયંકાબેન પરમારે ઉપસ્થિત રહીને વિદ્યાર્થિનીઓને પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.




આ અવસરે પ્રિયંકાબેન પરમારે વિદ્યાર્થિનીઓમાં વાંચન અને વ્યક્તિગત વિકાસ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, જીવનમાં મોટું પરિવર્તન લાવવા માટે હંમેશા નાના નાના પ્રયત્નોની જરૂર હોય છે. શિક્ષણ અને સતત જ્ઞાન મેળવવાની વૃત્તિ જ મહિલાઓને સામાજિક અને આર્થિક રીતે સશક્ત બનાવી શકે છે. માહિતી ખાતાની કામગીરી વિશે સમજ આપતા જણાવ્યું હતું કે, સરકારના વિકાસકાર્યોની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં માહિતી ખાતું મહત્વની ભૂમિકા ભજવે છે. આ પ્રસંગે માહિતી મદદનીશ હેમાલીબેન ભટ્ટે વિદ્યાર્થિનીઓને વહાલી દીકરી યોજના, PMJAY અને મહિલા ઉત્કર્ષની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી હતી. વધુમાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત વિવિધ પ્રકાશનો અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. કોલેજના આચાર્ય ડો. આર.એ.ડાંગર અને એન.એસ. એસના પ્રોગ્રામ ઓફિસર હિરેનકુમાર પવારના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત સરકારી યોજનાઓના સાહિત્યનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું, જેનો લાભ વિદ્યાર્થિનીઓએ લીધો હતો.

# રાજકોટ ગ્રામ્યમાં આવનારા મુસાફરોની ઓનલાઈન પોર્ટલ "પથિક" પર એન્ટ્રી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રાસવાદીઓ અને અસામાજીક તત્વોની દેશ વિરોધી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મુકવા માટે રાજકોટ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એન.કે.મુછારે હુકમો જાહેર કર્યા છે. જે મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારની હોટલ, ધર્મશાળા, સમાજવાડી, મુસાફરખાના, કલબહાઉસ, રીસોર્ટ, ધર્મસ્થળો, ધાબા તથા અન્ય સ્થળો માલિક / સંચાલક / ભાગીદાર / સંચાલક કોઈપણ વ્યક્તિને ભાડે આપે ત્યારે તેની જાણ ઓનલાઈન પોર્ટલ https://pathik.guru/ પર કરવાની રહેશે. મુસાફરોની તમામ માહિતી પથિક (પ્રોગ્રામ ફોર એનાલીસીસ ઓફ ટ્રાવેલર એન્ડ હોટેલ ઈન્ફોર્મેટીક્સ) વેબપોર્ટલ પર કરવાની રહેશે. આ આદેશનો અમલ તા. તા. ૩૦ એપ્રિલ, ૨૦૨૬ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં હથિયારબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં ધાર્મિક શોભાયાત્રા, ચેટીચાંદ, રમજાન ઈદ, રામનવમી જેવા વિવિધ તહેવારોની ઉજવણી તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા રેલી, ધરણા જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. જેને ધ્યાને લઈને કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અનિચ્છનીય બનાવો ન બને, તે માટે અધિક જિલ્લા કલેક્ટર એન. કે. મુછાર દ્વારા પ્રતિબંધાત્મક આદેશ કરાયો છે.

આ જાહેરનામા મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત સિવાયના વિસ્તારમાં હથિયાર, તલવાર, બંદુક, છરી, લાકડી, શસ્ત્રો, સળગતી મશાલ સહિતના શારીરિક ઈજા કરી શકાય, તેવા હથિયારો અને સ્ફોટક પદાર્થ સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. પથ્થરો અને શસ્ત્રો ફેંકવાના સાધનો એકઠા કરવા તથા સરઘસમાં પેટાવેલી મશાલો લઈ જવા તેમજ પુતળા બાળવા-લટકાવવા તથા લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવાની મનાઈ છે. ઉપરાંત, સુરુચિનો ભંગ થતો હોય અથવા રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, નકલ કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ મુકાયો છે.

ઉલ્લેખનીય છે કે, સરકારી કર્મચારીઓ કે જેને ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય તેમજ સક્ષમ સત્તાધિકારી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને હુકમ લાગુ પડશે નહીં. આ આદેશ તા. ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનારા શિક્ષાને પાત્ર થશે.

# મોરબી એપાર્ટમેન્ટના ધાબા ઉપરથી નીચે પડતું મૂકી સ્પા વર્કર યુવતીનો આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના લીલાપર રોડ પર આવેલા ઓમકાર રેસીડેન્સીમાં રહેતી ૨૮ વર્ષીય યુવતીએ ધાબા પરથી નીચે પડતું મૂકી આપઘાત કાર્યના બનાવ મામલે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મરણ નોંધ કરી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

મોરબીના લીલાપર રોડ પર આવેલા ઓમકાર રેસીડેન્સી ૨૦૧ માં રહેતી અંબીકા ઉર્ફે પ્રિયા ગુલાબરાય માંઝી ઉવ.૨૮ મૂળ મધ્યપ્રદેશના રિવા જીલ્લાના ગાઢા ગામની વતનીએ ગઈ તા.૧૧/૦૩ના રોજ ઉપરોક્ત રેસીડેન્સીના ધાબા પરથી નીચે પડતું મુકતા ગંભીર ઇજાઓ પહોંચતાં તેનું મોત થયાની ઘટના સામે આવી છે. ત્યારે પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકના ભાઈ મંગલેશકુમાર ગુલાબરાય માંઝી હાલ રહે સુરત વાળાએ આપેલ વિગતોમાં મૃતક યુવતી છેલ્લા પાંચ વર્ષથી મોરબીમાં એકલી રહેતી હતી અને સ્પા ખાતે કામ કરતી હતી. ત્યારે એકલવાયા જીવનથી કંટાળી પોતે પોતાની જાતે આ પગલું ભરી લીધું હતું. હાલ સીટી એ ડિવિઝન પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરી છે.

# મોરબીમાં "સેવા સેતુ" કાર્યક્રમ નાગરિકોને નજીકમાં જ મળશે સરકારી સેવાઓ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારના જનકેન્દ્રિત શાસનના અભિગમને વધુ મજબૂત બનાવવા તથા નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ સરળતાથી અને નજીકમાં ઉપલબ્ધ થાય તે માટે "સેવા સેતુ ૨.૦ (શહેરી)" કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોને સરકારી કચેરીઓમાં વારંવાર જવાનું ટાળીને તેમની નજીકમાં જ વિવિધ સેવાઓ અને યોજનાઓનો લાભ પહોંચાડવાનો છે.

આ કાર્યક્રમ અંતર્ગત મોરબી શહેરના વિવિધ વિસ્તારોમાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં મહાનગરપાલિકા તેમજ અન્ય શાસકીય વિભાગો દ્વારા આપવામાં આવતી વિવિધ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. નાગરિકો અહીં પોતાની અરજી, જરૂરી દસ્તાવેજો અને પ્રશ્નો સાથે આવી શકે છે અને તાત્કાલિક માર્ગદર્શન તથા જરૂરી કાર્યવાહી મેળવી શકશે. મોરબી મહાનગરપાલિકા વિસ્તારમા સેવા સેતુ કાર્યક્રમ તા. ૧૩/૩/૨૦૨૬ રોજ વોર્ડ ૨, ૩, ૪, ૫, ૬ અને ૧૩ માટે તાલુકા શાળા મણિમંદિર પાસે તથા વોર્ડ ૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ માટે ૧૬/૩/૨૦૨૬ ના રોજ વજેપર વાડી પ્રાથમિક શાળા રામજી મંદિર પાસે મોમ્સ હોટલ પાછળ આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાસેતુ કાર્યક્રમના કેમ્પમાં વિવિધ સરકારી યોજનાઓ અંગે માહિતી, આવક-જાતિ-નિવાસ પ્રમાણપત્ર માટે અરજી, આરોગ્ય અને સામાજિક સુરક્ષા યોજનાઓ અંગે માર્ગદર્શન, મ્યુનિસિપલ સેવાઓ સંબંધિત અરજીઓ તેમજ નાગરિકોની સમસ્યાઓનું સ્થળ પર જ નિરાકરણ જેવી સેવાઓ આપવામાં આવશે. મોરબી મહાનગરપાલિકાએ નાગરિકોને જરૂરી દસ્તાવેજો સાથે હાજરી આપી આ કાર્યક્રમનો વધુમાં વધુ લાભ લેવા અનુરોધ કર્યો છે.

# મોરબીના રણછોડનગર નજીક મફતીયાપરામાં તીનપત્તિનો જુગાર રમતા ૬ પકડાયા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમે પૂર્વ બાતમીને આધારે શહેરના રણછોડનગર નજીક અમૃત પાર્ક સોસાયટી પાસે આવેલ મફતીયાપરામાં જુગારની રેઇડ કરી હતી. જ્યાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તિનો જુગાર રમતા અસલમભાઇ કાસમભાઈ દલવાળી ઉવ.૩૬ રહે. મહેન્દ્રપરા ઘાંચી શેરી મોરબી, વીમલભાઇ ઉર્ફે વીપુલ નટુભાઇ સોલંકી ઉવ.૪૪ રહે. વાવડી રોડ ઉમીયા સોસાયટી ઘર નં.૩૨ મોરબી, રાજેશકુમાર સુભાષભાઇ ચોબે ઉવ.૩૬ રહે. મહેન્દ્રપરા ચોક વાવડી રોડ શેરી નં.૧૪ મોરબી, દાઉદભાઈ ગનીભાઈ પીપરવાડીયા ઉવ.૪૪ રહે. લાતી પ્લોટ શેરી નં.૧૨ મોરબી, યાકુબખાન અબ્દુલખાલીબ ખાન ઉવ.૪૪ રહે. રણછોડનગર અમૃતપાર્ક સોસાયટી મોરબી તથા આર્યન બાલુભાઈ ખીટ ઉવ.૧૯ રહે. મહેન્દ્રપરા શેરી નં.૧૧ મોરબી વાળાને રોકડા રૂ.૭૬,૩૫૦/- સહિતના મુદ્દામાલ સાથે રંગેહાથ પકડી લેવામાં આવ્યા હતા. આ સાથે પકડાયેલ તમામ આરોપીઓ સામે બી ડિવિઝન પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં સ્ટ્રીટ લાઈટની કામગીરી ગતિમાં, મનપાએ ૧૬.૩૩ કરોડના બાકી વીજ-બિલ ચૂકવ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રીક શાખા દ્વારા શહેરમાં સ્ટ્રીટ લાઈટ વ્યવસ્થા મજબૂત બનાવવા કામગીરી ઝડપી બનાવાઈ છે. આ ઉપરાંત મહાનગરપાલિકા બન્યા બાદ નગરપાલિકા સમયના પીજીવીસીએલના અંદાજે રૂ.૧૬.૩૩ કરોડના બાકી વીજ બિલની સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવી છે. મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રીક શાખા દ્વારા શહેરને વધુ પ્રકાશિત અને સુવિધાસભર બનાવવા માટે વિવિધ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ સંબંધિત કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરના મુખ્ય માર્ગો પર નવા સ્ટ્રીટ લાઈટ પોલ ઉભા કરવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. આ સિવાય મહાનગરપાલિકા બન્યા બાદ નગરપાલિકા સમયના પીજીવીસીએલના બાકી રહેલા વીજ બિલની અંદાજે રૂ.૧૬.૩૩ કરોડની રકમની સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવી છે. આ બાકી બિલમાં સ્ટ્રીટ લાઈટના મીટર ઉપરાંત ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશન અને વોટર સપ્લાય પમ્પિંગ સ્ટેશનના વીજ બિલનો પણ સમાવેશ થાય છે. આ કામગીરીથી શહેરની આધારભૂત સુવિધાઓ વધુ મજબૂત બનશે અને નાગરિકોને રાત્રિના સમયે વધુ પ્રકાશ તેમજ સુરક્ષાની સુવિધા મળશે. આગામી સમયમાં શહેરમાં લાઈટ સંબંધિત સમસ્યાઓનું ઝડપી નિવારણ થાય તે માટે મહાનગરપાલિકા દ્વારા સતત પ્રયાસો હાથ ધરવામાં આવશે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ઉનાના એલમપુર ગામે રાત્રિસભામાં ગ્રામજનો સાથે સંવાદ સાધતા કલેક્ટર એન.વી.ઉપાધ્યાય

**જનહિતલક્ષી સમસ્યાઓના ત્વરીત નિરાકરણ માટે અધિકારીઓને માર્ગદર્શિત કર્યા : સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાની માહિતી અંગે ગ્રામજનોને માર્ગદર્શન અપાયું**




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના એલમપુર ગામમાં રાત્રિસભા યોજી અને કલેક્ટર એન.વી.ઉપાધ્યાયે ગ્રામજનો સાથે સંવાદ સાધ્યો હતો. આ રાત્રિસભામાં નાગરિકોએ પોતાના વિવિધ પ્રશ્નો રજૂ કર્યા હતાં. જેમને ધ્યાનપૂર્વક સાંભળી કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગને ત્વરિત ઉકેલ માટે સૂચનાઓ આપી હતી.

કલેક્ટરએ પી.એમ.સૂર્યઘર યોજના, પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના, કિશોરીઓમાં એચ.પી.વી વેક્સિનનું ૧૦૦% રસીકરણ, મમતા દિવસ અંતર્ગત બાળકોનું રસીકરણ, જળસંગ્રહ, એફ.પી.એસ. અંતર્ગત અન્ન વિતરણ વ્યવસ્થા, આરોગ્યસેવાઓ, આંગણવાડીના લાભથી કોઈ બાળક વંચિત ન રહે તેમજ કુપોષિત અને અતિકુપોષિત બાળકોની સારસંભાળ વિશે પૃચ્છા કરી અને સીમ વિસ્તારમાં આંગણવાડીની દરખાસ્ત કરવા સૂચના આપી હતી.કલેક્ટર શ્રી એન.વી.ઉપાધ્યાયે ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે સંવાદ સાધતા જણાવ્યું હતું કે, ખોરાકમાં કેમિકલ અને યુરિયાનો ઉપયોગ થતો હોવાના કારણે કેન્સર સહિતના રોગ ઉદ્ભવે છે. આવનારી પેઢીને સારૂ સ્વાસ્થ્ય મળી રહે એવા હેતુસર પ્રાકૃતિક ખેતી જરૂરી છે.

રાજ્યપાલ ગીર સોમનાથ મુલાકાતનો ઉલ્લેખ કરતા કલેક્ટરશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી થી ઉગાડેલા ધાન્યના ભાવ પણ વધુ સારા મળે છે. જે આપણાં જ જિલ્લાના ઉમરેઠીના ખેડૂતે સાબિત કરી બતાવ્યું છે. ખેડૂતો અને પશુપાલકોને કૃત્રિમ બીજદાન, પ્રાકૃતિક ખેતી સહિત વિવિધ માધ્યમનો ઉપયોગ કરી અને પોતાની આવક ડબલ થાય એ દિશામાં આગળ વધવા માટે કલેક્ટરશ્રીએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.નાગરિકોએ કલેક્ટરશ્રી સમક્ષ સ્ટ્રીટલાઈટની સમસ્યાઓ, ખેતરમાં પાણી પહોંચાડવાની સમસ્યાઓ, ગૌચરને લગતા પ્રશ્નો સહિત વિવિધ સમસ્યાઓ રજૂ કરી હતી. ગ્રામજનોના પ્રશ્નો સાંભળી અને કલેક્ટરએ સંલગ્ન વિભાગના અધિકારીઓને સ્ટ્રીટલાઈટ સહિત જનહિતલક્ષી મુશ્કેલીના ઉકેલ માટે પગલાઓ લેવા સૂચન કર્યું હતું.પ્રાકૃતિક ખેતી અંતર્ગત એલમપુર ક્લસ્ટરમાં ૦૩ ગામનો સમાવેશ થાય છે. આત્મા પ્રોજેક્ટ ડિરેક્ટર પુષ્પકાંત સ્વર્ણકારે ખરીફ સિઝનમાં મગફળીની વાવણી અને પ્રાકૃતિક ખેતીના ઘનજીવામૃત, જીવામૃત, છાણિયુ ખાતર સહિત ખેતરના સર્ટિફિકેશન,પ્રાકૃતિક પેદાશોના વેંચાણની જાણકારી અને વિવિધ આયામો જણાવી ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે એ દિશામાં માર્ગદર્શન આપ્યું હતું.પશુપાલન વિભાગના પ્રતિનિધિ ડૉ.દેવેન્દ્ર સોલંકીએ પશુ સંવર્ધન, પશુ સ્વાસ્થ્ય, લૈંગિક બીજદાન અને પશુ માવજત વિશે ઉપસ્થિત ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

આ રાત્રિસભામાં ઈન્ચાર્જ નિવાસી અધિક કલેક્ટર યોગેશ જોશી, ઉના પ્રાંત અધિકારી કે.આર.પરમાર, ઉના ડિવિઝન નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ.ચૌધરી, તાલુકા પંચાયત સભ્ય નગાભાઈ, સરપંચ પબીબહેન બામણિયા અને ખેતીવાડી, સિંચાઈ, આંગણવાડી, પશુપાલન સહિતના વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

## સમાચાર સંક્ષીપ્તમાં

### રાજકોટ જિલ્લામાં ૧૩ માર્ચે યેલો એલર્ટ જાહેર

ભારત મોસમ વિજ્ઞાન વિભાગ અંતર્ગત મોસમ વિજ્ઞાન કેન્દ્ર, અમદાવાદ દ્વારા હીટ વેવ (ઉષ્ણ લહેર) અંગે આગાહી કરવામાં આવી છે. જે મુજબ રાજકોટ જિલ્લામાં આગામી તા. ૧૩ માર્ચના રોજ યેલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આવતીકાલે રાજકોટ જિલ્લાના છુટ્ટાછવાયા વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધવાની અને લૂ પ્રવર્તે તેવી શક્યતા છે. આથી, જિલ્લાના નાગરિકોને ગરમીની આ સ્થિતિ અંગે સાવચેત રહેવા અને જરૂરી નોંધ લેવા માટે મોસમ કેન્દ્ર દ્વારા જણાવાયું છે.

### મોરબીના આમરણ ગામે વોકળાના કાંઠે ૪૦૦ લીટર ઠંડો આથો ઝડપાયો, આરોપી ફરાર

મોરબી એલસીબી પોલીસ ટીમને બાતમી મળી કે, આમરણ ગામની સીમમાં દિપક કોળી દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવે છે, જે બાતમીને આધારે પોલીસે આમરણ ગામની સીમમાં રેઇડ કરી હતી, જ્યાં વોકળાના કાંઠે બાવળની કાંટમાં દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ૪૦૦ લીટર ઠંડો આથો કિ.રૂ.૧૦ હજાર મળી આવ્યો હતો. રેઇડ દરમિયાન આરોપી દીપકભાઈ કિશોરભાઈ કોળી રહે.ટાટા નગર આમરણ તા.મોરબી વાળો હાજર નહિ મળી આવતા એલસીબી ટીમે તાલુકા પોલીસ મથકમાં આરોપી વિરુદ્ધ ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

### મોરબીના માધાપરમાં પ્રૌઢ મહિલાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

મોરબી શહેરના માધાપર વિસ્તારમાં ૫૮ વર્ષીય મહિલાએ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનો બનાવ સામે આવ્યો છે. ઘટનાને લઈને મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી છે. મોરબીના માધાપર શેરી નં. ૧૮ ખાતે રહેતા લાભુબેન રમેશભાઈ પરમાર ઉવ.૫૮ એ ગઈકાલ તા. ૧૨ માર્ચના રોજ પોતાના ઘરે અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. બનાવ બાદ તેમને તાત્કાલિક સારવાર માટે મોરબીની સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં હોસ્પિટલ ખાતે ફરજ પરના તબીબે તપાસ કરતા મહિલાનું મરણ થયેલ હોવાનું જાહેર કર્યું હતું. બનાવ અંગે મોરબી સીટી એ ડિવિઝન પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

### વાંકાનેરના જેતપરડા ગામે બેભાન થયેલ આધેડનું સારવાર દરમિયાન મોત

વાંકાનેર તાલુકાના જેતપરડા ગામે ૪૨ વર્ષીય મજૂર અચાનક બેભાન થઈ જતા સારવાર દરમિયાન તેનું મોત થયું હોવાના બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે મરણ નોંધ કરી છે. વાંકાનેર તાલુકાના જેતપરડા ગામે રહેતા મનસુખભાઈ ઉર્ફે મુન્નાભાઈ નાગજીભાઈ મદ્રેસાણીયા ઉવ.૪૨ બીમારીના કારણે ગઈકાલે અચાનક બેભાન થઈ ગયા હતા. ત્યારબાદ તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. હાલત ગંભીર બનતા રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. બનાવ અંગે તાલુકા પોલીસે પ્રાથમિક વિગતો મેળવી અ.મોતની નોંધ કરી વધુ તપાસ ચલાવી છે.

# મોરબીના લાલપર નજીક રોડ ક્રોસ કરી રહેલ આધેડનું ટ્રકની અડફેટે મોત

મોરબી-વાંકાનેર હાઈવે પર અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન મૂકી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લાલપર ગામ નજીક મોરબી-વાંકાનેર હાઈવે પર ટ્રકની અડફેટે પગપાળા રોડ ક્રોસ કરીને જઈ રહેલા ૪૬ વર્ષીય આધેડનું મોત થયાની ઘટના સામે આવી છે. બનાવ અંગે મૃતકના ભાઈ દ્વારા મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં આરોપી ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવતા, પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં ન્યુ ચંદ્રેશ સોસાયટી મુનનગર ચોક પંચાસર રોડ ખાતે રહેતા રાજેશભાઈ ભીખાભાઈ જીવાણી દ્વારા તાલુકા પોલીસ માથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના મોટા ભાઈ રસીકભાઈ ભીખાભાઈ જીવાણી પગપાળા જતા હતા ત્યારે ટ્રક નંબર આરજે-૩૨-જીસી-૬૯૩૭ ના ચાલકે બેદરકારી અને ગફલતભરી રીતે ટ્રક ચલાવી તેમને અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં રસીકભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું મોત થયું હતું.

બનાવ બાદ ટ્રક ચાલક પોતાનું વાહન સ્થળ પર મુકી ફરાર થઈ ગયો હતો. આ મામલે મોરબી તાલુકા પોલીસે આરોપી ટ્રક ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વાહન અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ડુમીયાણી ટોલ પ્લાઝા પર નિયમ વિરૂધ્ધ વસુલાતા ટોલ ટેકસના મુદ્દે વડાપ્રધાન-કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રીને રજુઆત

**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

ડુમીયાણી ટોલ પ્લાઝા પર નિયમ વિરૂધ્ધ ટોલ ટેકસ વસુલાતો હોવાની ફરિયાદ ધોરાજી-ઉપલેટાના ટ્રક માલિક એસો.એ કરી આ બાબતે જવાબદાર કોન્ટ્રકટર-એજન્સી સામે પગલા લેવા ધોરાજી પ્રાંત અધિકારી મારફત વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી, કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરી તેમજ નેશનલ હાઇવે ઓથોરીટીના ચેરમેન, મુખ્યમંત્રી અને જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરી છે.



ધોરાજી-ઉપલેટા ટ્રક માલીક એસો. દ્વારા પ્રાંત અધિકારી મારફત આવેદન પાઠવાયુંઃ જવાબદાર એજન્સી સામે પગલા લેવા માંગણી

આ બાબતે ધોરાજી-ઉપલેટા ટ્રક માલીક એસો.ના રસિકભાઇ છગ્નભાઇ ચાવડાએ જણાવ્યું છે કે, ડુમિયાણીના આ ટોલ પ્લાઝા ખાતે સરકાર દ્વારા નિર્ધારીત નિયમો અને માર્ગદર્શિકાઓનું ઉલ્લંઘન કરી કોમર્શિયલ વાહનો પાસેથી ઓવરલોડના નામે મનમાની રીતે વધુ ટોલ રકમ વસુલવામાં આવે છે તેમજ સ્થાનિક વાહન ચાલકો પાસેથી પણ સંપૂર્ણ ટોલ ચાર્જ વસુલવામાં આવે છે જે તદન નિયમ વિરૂધ્ધ છે.

**ડુમીયાણી ટોલ પ્લાઝા પર નિયમ વિરૂધ્ધ વસુલાતા ટો...**

સરકારના નિયમ મુજબ ટોલ બુથથી ૨૦ કિલોમીટરની પરિધિમાં આવતા સ્થાનિક વાહનોને ફ્રી પાસ/રાહત મળવી જરૂરી હોવા છતાં ડુમિયાણી ટોલ બુથ પર આ જોગવાઇનો અમલ થતો નથી વધુમાં રજુ કરવાનું કે ભારત સરકારના માર્ગદર્શિકા અનુસાર ૩૦ કિલોમીટરની પરિધિમાં એકથી વધુ ટોલ બુથ ન હોવા જોઇએ જયારે ડુમિયાણી પીઠડીયા ટોલ બુથ વચ્ચેનું અંતર અંદાજે ૪૦ કિલોમીટરથી ઓછું છે અને પીઠડીયાની મુનાવા ટોલ બુથ પણ ૫૦ કિલોમીટરની અંદર આવેલ છે. ઉપરાંત ઉપલેટા શહેરથી રાજકોટ શહેર વચ્ચે અંદાજિત ૧૨૦ કિલોમીટરમાં કુલ ત્રણ ટોલ બુથ આવેલ છે. જે બાબત વાહન ચાલકો માટે આર્થિક બોજરૂપ બની રહી છે. ડુમિયાણી ટોલ બુથ અવારનવાર વિવાદમાં રહેતું હોવાનું પણ ધ્યાન પર આવ્યું છે. ખાસ કરીને જે અયોગ્ય તથા અન્યાયપૂર્ણ છે. આ બાબતે તાત્કાલીક તપાસ હાથ ધરી જવાબદાર કોન્ટ્રાકટર/ એજન્સી સામે યોગ્ય કાર્યવાહી કરવા અને નિયમ મુજબ ટોલ વસુલાત કરવા તેઓએ માંગણી ઉઠાવી છે. તેની સાથોસાથ તેઓએ જણાવેલ છે કે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ હાલ મંદીમાં સપડાયેલ હોય આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવવા રજુઆત કરવામાં આવી છે.

# રાજકોટ સહિત તમામ શહેરોમાં ૨ થી ૩ ડિગ્રી તાપમાન ઘટી ગયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતનાં મોટાભાગનાં શહેરોમાં મહતમ તાપમાનમાં ૨ થી ૩ ડીગ્રીનો ઘટાડો થઇ જતાં હાલ પૂરતી આકરા તાપમાંથી આંશિક રાહત મળી છે.



ગઇકાલે રાજકોટમાં મહતમ તાપમાન ૪૦.૬ ડીગ્રી નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ૩૮.૯, અમરેલીમાં ૩૯.૫, ભાવનગરમાં ૩૭ તથા ભુજમાં ૩૯.૬, દાહોદમાં ૩૬.૨, ડાંગમાં ૩૮.૯, ડિસામાં ૩૮.૮, ગાંધીનગરમાં ૩૮.૪, કંડલામાં ૩૬.૩, નલિયામાં ૩૫.૨, પોરબંદરમાં ૩૬.૨ તેમજ સુરતમાં ૬૯.૨ અને વેરાવળમાં ૩૫ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાવા પામ્યું હતું. જ્યારે આજે સવારે રાજકોટ સહિત અનેક શહેરોમાં ભેજવાળા હવામાન વચ્ચે લઘુત્તમ તાપમાન ૧૬ થી ૨૨ ડીગ્રી વચ્ચે નોંધાતા સામાન્ય ઠંડકનો અનુભવ થયો હતો. જ્યારે જામનગર શહેરમાં છેલ્લા બે દિવસ પછી મહત્તમ તાપમાનમાં ૨ ડિગ્રીના ઘટાડા સાથે પારો ૩૫ ડિગ્રી રહ્યો છે. તો લઘુતમ તાપમાન પણ ૨૨ ડિગ્રી નોંધાયું છે. જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૭ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૪.૩ કિમી નોંધાઇ છે.

# રેલનગર વિસ્તારમાં ઘરફોડ ચોરી કરનાર બેલડીને દબોચી લેતી પોલીસ

### રીક્ષા સહિત રૂ.૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્ર.નગર પોલીસ સ્ટેશનના વિસ્તારમાં ઘરફોડ ચોરી અને નાસતાફરતા આરોપીઓને શોધવા અંગે મળેલી ઉચ્ચ અધિકારીઓની સુચનાના પગલે પ્ર.નગર પોલીસે રેલનગર વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીના બનાવમાં બેલડીને દબોચી લઇ રીક્ષા સહિત રૂ.૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ પ્ર.નગરના પીઆઇ વી.આર.વસાવાની સુચનાથી પીએસઆઇ જે.બી.રાણીંગા, એએસઆઇ રવિભાઇ, હેડ કોન્સ. મયુરરાજસિંહ, કોન્સ. તોફીકભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે બે શખ્સો સીએનજી રીક્ષા નંબર જીજે૧૩એબીદદદ૭માં શંકાસ્પદ રીતે નિકળતા પોલીસે તેને અટકાવી નામઠામ પુછતા રીક્ષા ચાલકનું નામ જીગર ઉર્ફે જીગો ઝાલા કોટડીયા (રહે.વઢવાણ, માલધારી ચોક, જી.સુરેન્દ્રનગર) અને દિપક ઉર્ફે વિજય જગદિશ મોરી (રહે. નારાયણનગર જલારામ ચોક, મુળ વતન વઢવાણ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે રીક્ષાની તલાસી લેતા ચાંદીનો ઠાળીયો વજન ૯૧૮ ગ્રામ કિંમત રૂ.૧.૭૧ લાખનો મળી આવતા પોલીસે આકરી પુછપરછ કરતા બન્ને શખ્સોએ કબુલાત આપી હતી કે, અગાઉ રેલનગર વિસ્તારમાં બંધ મકાનમાંથી ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે રીક્ષા સહિત રૂ.૩.૬૧ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# આંતરરાજય એલ્યુમીનીયમ વાયર ચોરી કરતી ગેંગનો સાગરીત ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ કાલાવડ રોડ પર આવેલ મેટોડા જીઆઇડીસી, સુરેન્દ્રનગર, આણંદ સહિતના શહેરોમાં એલ્યુમીનીયમ વાયર ચોરી કરતી ગેંગના સાગરીતને ગ્રામ્ય એલસીબીની ટીમે દબોચી લઇ મેટોડા જીઆઇડીસી પોલીસના હવાલે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ મેટોડા જીઆઇડીસીમાં અગાઉ એલ્યુમીનીયમ વાયરની ચોરી થઇ હોવાની ફરીયાદનો આરોપી નાસતો ફરતો હોય જેને શોધવા અંગેની મળેલી સુચનાના પગલે ગ્રામ્ય એલસીબીના એએસઆઇ રવિભાઇ બારડને મળેલ હકિકતના આધારે કિશન મોહનલાલ ગુર્જર (રહે. હાલ માધાપર ભોલેનાથ સોસાયટી, ભાડાના મકાનમાં, મુળ વતન ડીડવાના, રાજસ્થાન)ને દબોચી લઇ આકરી પુછપરછ કરતા આ કિશન ગુર્જરે અગાઉ તેના સાગરીતો સાથે મળી મેટોડા જીઆઇડીસી, સુરેન્દ્રનગર અને આણંદ જીલ્લામાં એલ્યુમીનીયમ વાયર ચોરીને અજામ આપ્યાની કબુલાત આપતા પોલીસે તેની ધરપકડ કરી મેટોડા પોલીસના હવાલે કર્યો છે.

# જેતપુરની ધારેશ્વર ચોકડી પાસે બાઇક સવારને લુંટવાનો પ્રયાસ કરનાર ત્રણ ઝબ્બે

### લૂંટની કોશીષના ગુન્હાનો ગ્રામ્ય એલસીબીની ટીમે ભેદ ઉકેલ્યો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરના ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ધારેશ્વર ચોકડી પાસે બે દિવસ પહેલા બાઇક પર જતા યુવાનને મારમારી લૂંટ ચલાવવાની કોશીષ કરી નાશી ગયેલા બુકાનીધારીઓને ઝડપી લેવામાં ગ્રામ્ય એલસીબીની ટીમને સફળતા મળી છે. પોલીસે જેતપુરના ભાદરના સામાકાંઠે બંધ ફાટક પાસેથી ત્રણ શખ્સોને દબોચી લઇ બાઇક અને મોબાઇલ સહિત રૂ.૭૧૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગઇ તારીખ ૧૦-૦૩ના એક યુવાને ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી કે, પોતે ધારેશ્વર ચોકડી પાસે પોતાની દુકાનેથી ઘરે બાઇક પર જતો હતો ત્યારે અજાણ્યા શખ્સો મોઢા પર રૂમાલ બાંધેલાએ આતરી લોખંડના પાઇપ વડે હુમલો કરી નીચે પછાડી દઇ થેલો જુટવાની કોશીષ કરી નાસી ગયાની ફરીયાદ નોંધાવી હતી. આ લૂંટની કોશીષની તપાસ સ્થાનિક પોલીસ ચલાવી રહી હોય તે દરમ્યાન ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાએ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ આરોપીઓને તાત્કાલીક શોધવા અંગે સુચના કરતા પીએસઆઇ આર.વી. ભીમાણી, કે.એમ.ચાવડા, એચ.સી. ગોહિલ, પી.એન.ભરવાડ અને તેની ટીમના માણસોએ અલગ-અલગ ટુકડી બનાવી તપાસ હાથ ધરી હતી. તે દરમ્યાન હકિકત મળી હતી કે, આ લૂંટની કોશીષનો ગુન્હો આચરનાર ત્રણ શખ્સો જેતપુર ભાદરના સામાકાંઠે બંધ ફાટક પાસે હોવાની હકિકત મળતા પોલીસે મનીન્દરસિંગ જીતસિંગ ટાંક, ઇમ્તીહાઝ સમસુદીન અનસારી, સબીર વકીલ અનસારી સહિત ત્રણ શખ્સોને દબોચી લઇ બાઇક, મોબાઇલ અને રોકડ સહિત રૂ.૭૧૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બપોરે ૧ થી ૪ દરમિયાન શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો રહેશે બંધ

### ગરમીના દિવસોમાં જરૂરી કાળજી રાખવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અનુરોધ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં હાલ ઉનાળાની ઋતુ દરમિયાન તાપમાનમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે અને આગામી દિવસોમાં પણ ઉગ્ર ગરમી રહેવાની શક્યતા છે. શહેરના નાગરિકોના આરોગ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપતા રાજકોટ મહાનગરપાલિકા અને રાજકોટ શહેર પોલીસ વિભાગના સંકલનથી હીટ વેવ એક્શન પ્લાન અંતર્ગત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નિર્ણય અનુસાર, શહેરમાં વધતા તાપમાન અને ગરમીની અસરને ધ્યાનમાં રાખીને બપોરના ૧૦૦ થી ૪૦૦ વાગ્યા સુધી શહેરના તમામ ટ્રાફિક સિગ્નલો તાત્કાલિક અસરથી બંધ રાખવામાં આવશે. આ પગલાનો મુખ્ય ઉદ્દેશ એ છે કે આ સમયગાળા દરમિયાન વાહનચાલકોને ટ્રાફિક સિગ્નલ વાળા ચોકમાં ઊભા રહેવું ન પડે અને તેઓ ઉગ્ર તાપમાનના સીધા પ્રભાવથી બચી શકે.

જાહેર સ્વાસ્થ્યના હિતને ધ્યાનમાં રાખીને લેવામાં આવેલ આ નિર્ણય શહેરના નાગરિકોને ગરમીના પ્રભાવથી રાહત આપશે. ઉપરોક્ત સમય દરમિયાન ટ્રાફિકનું સંચાલન જરૂરી મુજબ ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકા નાગરિકોને વિનંતી કરે છે કે ગરમીના આ દિવસોમાં પોતાની અને પોતાના પરિવારજનોની ખાસ કાળજી રાખે તથા બિનજરૂરી રીતે બહાર ન નીકળે. નાગરિકોના સહકારથી જ શહેરમાં આરોગ્ય અને સુરક્ષાને વધુ મજબૂત બનાવી શકાય છે.

# નકલી નોટના કૌભાંડનો પર્દાફાશ ૧૦૦, ૨૦૦ની ૩૮ જાલી નોટો, પ્રિન્ટર સાથે કુખ્યાત શખ્સ ઝડપાયો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસના અભીયાન વચ્ચે રૈયાધારના નામચીન શખસે નકલી ચલણી નોટો સાથે એસઓજીની ટીમે ઝડપી લીધો હતો. અગાઉ દુષ્કર્મ અને ચોરીના ગુનામાં પકડાયેલો શખસે છેલ્લા ત્રણેક દિવસથી તેના ઘેર યુટ્યુબ માંથી માહીતી મેળવી ૧૦૦-૧૦૦ની બે નોટ બનાવી રાત્રીના વટાવી હતી.શહેરમાં નકલી નોટ બનાવવા ના ગુના માં એક શખ્સને પોલીસે દબોચી લીધાનું બહાર આવતા તેની ધરપકડ કરી વધુ પુછ્તાછ કરી છે.

### યુટ્યુબમાં જોઈ નકલી નોટો છાપવાનું શરૂ કર્યુ: પોલીસે સાધન સામગ્રી સાથે આબાદ ઝડપી તપાસ હાથ ધરી

આ અંગેની માહિતી મુજબ રૈયાધાર મફતીયા પરામાં રહેતો નામચીન નૈતીક મહેન્દ્ર અગ્રાવત તેના ઘેર નકલી નોટો બનાવતો હોવાની માહીતીને આધારે પીઆઈ એસએમ જાડેજા સહીતની ટીમે દરોડો પાડયો હતો. પોલીસે નૈતીકની અટકાયત કરી તલાસી લેતા મકાનમાંથી પ્રીન્ટર મશીન,કાગળો, ૧૦૦ અને ૨૦૦ની ૩૮ નકલી નોટો મોબાઈલ સહીતની મતા કબજે કરી વધુ કાર્યવાહી કરી હતી. પોલીસની પુછ્તાછમાં તેની ઉપર દેણુ થઈ જતા છેલ્લા આઠ દિવસથી યુટ્યુબના મધ્યમથી નકલી નોટ બનાવવાની માહીતી મેળવતો હતો. બાદમાં ત્રણેક દિવસ પુર્વે તેને ૧૦૦-૧૦૦ની બે નોટ બનાવી રાત્રીના વટાવી હતી. બાદમાં તેને નોટો બનાવવાનુ શરૂ કર્યુ હોય જે વટાવે તે પુર્વે જ પોલીસે પકડી લીધાનુ બહાર આવતા પોલીસે તપાસ કરતા અગાઉ ગાંધીગ્રામમાં ચોરી અને યુનિવર્સિટી પોલીસમાં દુષ્કર્મના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હોય પોલીસે વધુ પુછ્તાછ કરી છે.

# ઉપલેટાના પ્રાંસલા ગામે જુગાર રમતા સાત પત્તાપ્રેમી ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટા તાલુકાના પ્રાંસલા ગામે ભાયાવદર પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે દરોડો પાડી રહેણાંક મકાનમાં ચાલતા જુગારધામમાં પત્તા ઢીંચતા સાત શખ્સોને દબોચી લઇ રૂ.૧.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી વિગતો મુજબ ભાયાવદર પોલીસ મથકના પીઆઇ વી.સી.પરમારની સુચનાથી એએસઆઇ અરૂણભાઇ, શક્તિસિંહ, કોન્સ. સત્યપાલસિંહ, વિપુલભાઇ સહિતનો સ્ટાફ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે હકિકત મળી હતી કે, ઉપલેટાના પ્રાંસલા ગામે રહેતો પ્રફુલ બચ્ચુ ભટાસણીયા નામનો શખ્સ પોતાના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી પોતાના આર્થીક ફાયદા માટે જુગારના સાધનો પુરા પાડી ૧૩ પત્તીનો જુગાર રમાડી જુગારનો અખાડો ચલાવતો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો પ્રફુલ બચ્ચુ ભટાસણીયા, કેશુ મનુ ઓડેદરા, કેશુ ઉર્ફે જોન્ટી હરદાસ ઓડેદરા, ગીરીશ મગન ગુજરાતી, દીપક દેવાયત બારડ, જયેશ મનુ મુછડીયા અને મેરવદર ગામનો ગોવિંદ જેઠા ખાણીયા સહિત સાત શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂ.૨૧૫૨૦, ૨૧૦૦૦ના મોબાઇલ, ૭૦૦૦૦ના વાહનો મળી કુલ રૂ.૧.૧૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# બોટાદના નિવૃત શિક્ષકને હનીટ્રેપમાં ફસાવી રૂ.૧૨ લાખ પડાવનાર બે મહિલા સહિત ગેંગ પકડાઈ

### એ ડિવીઝન પોલીસમાં નોંધાયેલ હનીટ્રેપના ગુનાનો DCBએ ભેદ ઉકેલ્યો : વધુ તપાસ અર્થે રિમાન્ડ પર લેવા તજવીજ, બેલડીની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

બોટાદના નિવૃત્ત શિક્ષકને જમીન લેવાના બહાને રાજકોટ બોલાવી બાદ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટેલમાં લઈ જઈ મહિલા સાથે બળજબરી શરીર સંબંધ બંધાવી તેના ફોટા પાડી બાદ કારમાં બેસાડી અપહરણ કરી અજાણી જગ્યાએ લઈ જઈ રૂ.૮૦ લાખની માંગણી કરી રૂ.૧૨ લાખ પડાવી વધુ પૈસાની માંગણી કરી ધમકી આપતા હોવાની વૃધ્ધે રાજકોટ એ ડીવીઝન પોલીસમાં પાયલ પટેલ સહિત ત્રણ સામે ગુનો નોંધાવેલ હતો. દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચે ગણતરીની કલાકોમાં જ બે મહિલા સહિત ત્રણને દબોચી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. અન્ય કોઈને ભોગ બનાવ્યા છે કે નહીં તે જાણવા પોલીસે ત્રિપુટીને રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી તેના બે સાગરીતની શોધખોળ હાથ ધરી છે.

બોટાદમાં રહેતા બટુકભાઈ માનસંગભાઈ પટેલ નામના નિવૃત શિક્ષકે એ ડીવીઝન પોલીસમાં પાયલ ભાવીન પટેલ અને બે અજાણી મહિલા સહિત સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે વૃધ્ધ વર્ષ ૨૦૨૫માં શિક્ષક તરીકે નિવૃત થયા હોય જેથી તેને નિવૃતી બાદ જમીનમાં રોકાણ કરવાની ઈરછા હોવાથી પાયલ સાથે તેનો પરિચય થયો હતો.બાદ પાયલે વૃધ્ધને રાજકોટમાં સારી જમીન બતાવવાનું બહાનું ધરી ગત.તા.૭ ફેબુઆરીએ પોતાની કાર લઈ વૃધ્ધને રાજકોટ બોલાવી બાદ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટેલમાં લઈ જઈ વૃધ્ધને બળજબરી મહિલા સાથે શરીર સંબંધ બંધાવી તેના ફોટા પાડી લીધા હતા.બાદ તેની જ કારમાં છરીની અણીએ વૃધ્ધનું અપહરણ કરી રૂ.૮૦ લાખની માંગણી કરી હતી.જો પૈસા ન ચુકવે તો પોકસોના કેસમાં ફીટ કરવાની ધમકી આપી હોવાથી વૃધ્ધ બદનામીના ડરે રૂ.૧૨ લાખ પાયલના ખાતામાં ટ્રાન્સફર કર્યા છતાં ટોળકી વધુ પૈસાની માંગણી કરી ધમકી આપતી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધ્યો હતો.

દરમ્યાન કાઈમ બ્રાન્ચે ટેકનિકલ સોર્સીસ અને બાતમી આધારે પાયલ ભાવીન પટેલ, તેજલ દિપક ટીંડાણી અને નિલેશ મૈયા ઝુંઝાને ગણતરીની કલાકોમાં જ ઝડપી લઈ ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પાયલ આ હનીટ્રેપ ગેંગની મુખ્ય સૂત્રધાર છે. અગાઉ ભરૂચના અંકલેશ્વરમાં તેની સામે હનીટ્રેપનો ગુનો નોંધાઈ ચુકયો છે.પાયલ પોતાની વાકચાતુર્યથી ભોળવાતા લોકોને જમીનના સોદાના બહાને બોલાવતી અને બાદ રાજકોટની તેજલ સાથે મળીને બળાત્કારના ગુનામાં ફીટ કરવાની ધમકી આપી ખંડણી વસુલતી હતી. આ ટોળકીમાં નિલેશ ડ્રાઈવીંગની સાથે અન્ય સહાયક ભૂમિકા ભજવતો હોવાનું જાણવા મળતા પોલીસે ઝડપાયેલી ત્રિપુટીને વધુ તપાસ અર્થે રિમાન્ડ પર લેવા કાર્યવાહી કરી છે. તેમજ આ ટોળકીના બે સાગરીત અંજલી અને હિરાની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં કંપનીમાંથી માલ મંગાવી કારખાનેદાર સાથે રૂ.૧.૫૧ કરોડની ઠગાઈ

### સોશિયલ મિડીયા દ્વારા જાહેરાતના માધ્યમથી કોન્ટેક કરી કળા આચરી : સ્ટીલના વેપારી સહીત બે સામે EOWમાં ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**


શહેરમાં સનરાઈઝ મલ્ટી સ્ટીલ પ્રાઈવેટ લીમીટેડ નામની કંપનીમાંથી માલ મંગાવી સ્ટીલના વેપારી સહિત બે શખસોએ રૂ.૧.૫૧ કરોડની છેતરપીંડી આચર્યાની ઉધોગપતિની ફરીયાદના આધારે આર્થીક ગુના નિવારણ શાખાએ વેપારી સહીતના બે શખસો સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ પંચવટી રોડ ઉપર રહેતા અને ભાગીદારીમાં સનરાઈઝ મલ્ટી સ્ટીલ નામે સ્ટીલની ફેકટરી ચલાવતા અને ૧૫૦ ફુટ રોડ પર બિગબઝાર પાસે કંપનીની ઓફીસમાં બેસી વેપાર કરતા સંજયભાઈ વલ્લભભાઈ પાણએ વાવડી રોડ પર આર.પી. સ્ટીલ નામે પેઢી ચલાવતા રૂષીકેશ પંકજભાઈ મહેતા અને કિશોર સામે ફરીયાદ કરી છે. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેના ધંધા માટે સોશિયલ મિડીયામાં જાહેરાત આપતા હોય જે જાહેરાતના આધારે એક વર્ષ પુર્વે કિશોરભાઈ નામના વ્યકિતનો ધંધા માટે ફોન આવ્યો હતો અને વાત કરી હતી. તે વાવડી રોડ પર આર.પી. સ્ટીલ નામે ધંધો કરતા રૂષીકેશભાઈનો ધંધો સંભાળતા હોવાનુ જણાવ્યુ હતુ. બાદમાં કિશોરભાઈ અને રૂષીકેશભાઈ તેની ઓફીસે આવીને ધંધાની વાત કરી હતી. જેમા માલ લઈને એક માસમાં નાણા આપી દેવાની વાત થઈ હતી.

બાદમાં તેને કુલ રૂ.૩.૨૩ કરોડનો માલ મોકલ્યો હતો જેમા તેને રૂ.૨.૨૩ કરોડનું પેમેન્ટ આપી દિધુ હતુ. બાદમાં કટકે કટકે માલ લઈ ગયા હતા જેમા કુલ રૂ.૧.૫૧ કરોડ ચુકવવાનુ બાકી હોય જેની ઉઘરાણી કરતા તેમનુ પેમેન્ટ સલવાઈ ગયાના બહાના બતાવતા હોય અને બાદમાં ફોન ઉપાડવાના બંધ કરી દિધા હતા. જેથી વેપારીના વાવડી રોડ પર ડેલોમાં અને ગીતાનગર પાસેના મકાને તપાસ કરતા વેપારી મકાન અને ધંધો બંધ કરી નાસી ગયા હોય આરોપીએ ગોંડલ, અમદાવાદ અને શાપરના વેપારીઓ સાથે પણ કરોડોની છેતરપીંડી કર્યાનું બહાર આવતા ફરીયાદ કરી હતી. બનાવને પગલે પીએસઆઈ પરમાર સહીતની ટીમે ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# સુરત ફેમિલી કોર્ટમાં મહિલા પર એસિડ-એટેક

### ભરપોષણના કેસમાં આવેલા વૃદ્ધે પત્ની પર એસિડ ફેંક્યું, પોતે પણ ઝેર ગટગટાવ્યું



**મુખ્ય સમાચાર, સુરત**

સુરતની ફેમિલી કોર્ટમાં આજે ૧૩ માર્ચે એક હચમચાવી દે તેવી ઘટના સામે આવી છે. સુરત જિલ્લા સેવા સદનના પાંચમા માળે આવેલી નામદાર ૬ નંબરની કોર્ટમાં વૃદ્ધ પતિએ પત્ની પર એસિડ-એટેક કર્યો છે. બન્ને દંપતીનો ભરણપોષણનો કેસ ચાલતો હોવાથી આવ્યાં હતાં. આ સમયે વૃદ્ધ પતિએ આગળની હરોળમાં બેઠેલી પત્ની પર એસિડ ફેંક્યું હતું. ઘટના સમયે મહિલાની આસપાસમાં બેઠેલા વકીલોને પણ એસિડના છાંટા ઉડ્યાં હતાં. આ ઘટનાને અંજામ આપ્યાં બાદ વૃદ્ધ પતિએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી.

ઘટનાને પગલે કોર્ટ પરિચરમાં ભાગદોડ મચી જવા પામી હતી. હાલમાં દંપતિને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યું છે. આ મામલે પોલીસે સ્થળેથી એસિડની બોટલ સહિતની વસ્તુ જપ્ત કરી કાર્યવાહી શરૂ કરી છે.

આ ઘટનાને નજરે જાનારા મહિલા વકીલ વર્ષા પટેલે જણાવ્યું કે, કૃષ્ણાબેન જોડે અમે આગળની હરોળમાં બેઠા હતા અને અમારી પાછળ આ જે બેન ઉપર એસિડ-એટેક થયો તે બેઠા હતાં. એમની પાછળ જ તેમના પતિ પણ બેઠા હતા. અચાનક અમારી પાછળથી ચીસાચીસ થઈ અને એસિડના છાંટા અમારી ઉપર પણ પડ્યાં. થોડી બળતરા થવા જેવું લાગ્યું અને એસિડની સ્મેલ આવી એટલે પાછળ ફરીને અમે જોયું, તો પેલા હસબન્ડે મહિલા પર બોટલથી એસિડ નાખી રહ્યા હતા. એમના મોઢા પર એસિડ પડ્યું હતું અને એ બેનની એક તરફની આંખ બંધ થઈ ગઈ હતી. અમને છાંટા ઉડ્યા એટલે જે-તે ટાઈમે થોડી બળતરા થઈ હતી, અત્યારે કંઈ નથી.

અન્ય વકીલ ક્રિષ્ના ગાંધીએ જણાવ્યું કે, અમે નામદાર ૬ નંબરની કોર્ટમાં બગ્ગા સાહેબની કોર્ટમાં બેસેલા હતા. હું અને બીજા મારા કલીગ એડવોકેટ્સ બેઠેલા હતા. અમારી પાછળ બધા પક્ષકારો બેઠેલા હતા. પક્ષકારોમાં એક લેડી હતા અને એમની પાછળ એમના હસબન્ડ હતા. એ બહેનનો કદાચ ખોરાકીનો કેસ ચાલતો હતો અને એમાં પેલા ભાઈએ આવીને એમની ઉપર એસિડ નાખ્યું. અમારી ઉપર છાંટા ઉડ્યા પણ ત્યારે અમને ખબર નથી પડી કે પહેલા શું થયું. પછી પાછળથી ચીસાચીસ થઈ કે એસિડ નાખ્યું, આ થયું અને પછી થોડો ટાઈમ રહીને બર્નિંગ થયું અને સ્મેલ આવી ત્યારે ખબર પડી કે એમના હસબન્ડે એમની ઉપર એસિડ નાખ્યું છે. બંનેની ઉંમર ૬૫થી ૭૦ વર્ષની આજુબાજુ હશે. અમે જોયું તો મહિલાને બહુ બર્નિંગ થતું હતું. એવું પણ સાંભળ્યું છે કે, એ ભાઈએ પણ પોતે કંઈક દવા પીધી છે.

# રેલનગરમાં ભંગારના ડેલાની આડમાં દારૂનો વેપલો : ૪૮૪૮ ચપલા ઝબ્બે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સરાજાહેર દારૂ વેચાતો હોવાની અને દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાની ઉઠતી ફરીયાદોના પગલે રાજકોટ શહેર પોલીસની ક્રાઈમ બ્રાન્ચ તથા ગુન્હાનિવારણ શાખાની ટીમો દ્વારા બુટલેગરોની ગતિ વિધિ પર બાજ નજર રાખી ધોસ બોલાવવામાં આવી રહી છે ત્યારે શહેરના રેલનગર વિસ્તારમાં ભંગારના ડેલાની આડમાં ચાલતા દારૂના વેપલાના નેટવર્કનો પર્દાફાશ કરી બે શખ્સોની ધરપકડ કરી રૂ.૧૬.૨૮ લાખનો જથ્થો ઝડપી લેવામાં આવતા બુટલેગર આલમમાં ફફડાટ ફેલાયો છે.



### ગુન્હા નિવારણ શાખાની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂ.૧૬.૨૮ લાખના જથ્થા સાથે બે શખ્સને દબોચી લીધા : રાજસ્થાનના સપ્લાયર મારવાડી શખ્સની શોધખોળ

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ પીસીબી શાખાના પીઆઇ એમ.આર.ગોંડલીયા, એમ.જે.હુણની સુચનાથી પીએસઆઇ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા, એએસઆઇ મયુરભાઇ પટેલ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હેડ કોન્સ. દિલીપભાઇ, ઉમેશભાઇ ચાવડા, કોન્સ. વિશાલ દવે સહિતના સ્ટાફે અલગ-અલગ ટીમો બનાવી દારૂનો વેપલો કરતા બુટલેગરો પર ધોસ બોલાવતા મળેલી ચોક્કસ બાતમીના આધારે ૧૫૦ ફૂટ રીંગ રોડ ન્યારાના પમ્પની પાછળ રેલનગર વિસ્તારમાં આવેલ માતૃ એસ્ટેલા હાઇરાઇઝની સામે એક ભંગારના ડેલામાં દરોડો પાડતા આસીફ સલીમ જુણેજા (રહે.પરસાણાનગર શેરી નં.૧, જામનગર રોડ) અને હરદેવ યાદવ શ્રીદિનેશ યાદવ (રહે.રેલનગર ભંગારના ડેલામાં, મુળ વતન બિહાર) નામના બન્ને શખ્સોને દબોચી લઇ ભંગારના સામાનની આડમાં છુપાવેલો ૧૮૦ એમએલની બોટલ નંગ ૪૮૪૮ કિંમત રૂ.૧૬.૨૮ લાખનો જથ્થો મળી આવતા રીક્ષા અને ત્રણ મોબાઇલ સહિત કુલ રૂ.૧૬.૯૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા બન્ને શખ્સોની આકરી પુછપરછ કરતા દારૂનો જથ્થો રાજસ્થાનના અશોક મારવાડી નામના સપ્લાયરે મોકલાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે આ શખ્સની શોધખોળ કરી વધુ તપાસ હાથ ધરી છે.